

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**


**સરપરસ્ત**



**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતું સામયિક**

# جعفری آواز
# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-13, Issue-9, August-2026**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૩૬

**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા
તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨
સહતંત્રી : ફૈઝમોહંમદ મસી
સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (કેસીમ્પા)
મૌલવી સાદિકઅલી નાંદોલીયા (ડીંડરોલ)
લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણુશીયા–૮૪૬૦૪૯૨૪૨૯

**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

Title Calligraphy: http://www.asr-entezar.ir



- **ઉઘડતે પાને**
  **હિદાયત: હઝરત અશ્મૂઈલ (અ.) અને.............. 3**
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
- **તંત્રી લેખ**
  **મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) કૂફામાં ............... 9**
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા
- **કુરઆન અને હદીસ**
  **કુરઆન શિક્ષણ.................................... 13**
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
  **ગુરરુલ હિકમ...................................... 15**
  -જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી
  **નહ્જુલ અસરાર.................................... 17**
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા
- **તરીકત**
  **મશાયખવાણી ..................................... 21**
  -હઝરત પીર મશાયખ (રહ.)
- **અદબિયાત**
  **મીર અનીસના મરસિયા.......................... 25**
- **તારીખ અને ભૂગોળ**
  **સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.) .............. 29**
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી
  **અલ ઈર્શાદ......................................... 33**
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી
- **અખ્લાક**
  **મિસ્બાહુશ્શરીઆ................................. 37**
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
  હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)
  **તહ્ઝીબુલ ઈસ્લામ................................ 39**
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
  **આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન...... 43**
  -મોમિન સખાવતઅલી સુણસરા
- **દુઆ અને મુનાજાત**
  **ઈબાદાત ........................................... 47**
- **અન્ય**
  **વ્યક્તિ વિશેષ – હઝરત અકીલ (અ.)ના ફરઝંદો.. 51**
  -મૌલવી મોહંમદઅલી ભગત
  **આપણા ઘરની વાતો.............................. 55**
  **'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન ................ 56**

## હિદાયત:

# હઝરત અશ્મૂઈલ (અ.) અને હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

### تابوت کیا ہے؟

હવે તાબૂતે સકીના વિષે.

"تابوت" کا لغوی معنی ہے وہ صندوق جسے لکڑی سے بنایا جائے۔

લાકડીથી બનાવવામાં આવેલી પેટી, તેને તાબૂત કહેવાય.

جنازے کے صندوق کو بھی اسی لئے تابوت کہتے ہیں۔

એ પણ લાકડાથી બનાવવામાં આવે છે એટલે તાબૂત કહેવામાં આવે છે, જનાઝાની પેટીને.

لیکن تابوت مردوں سے مخصوص نہیں بلکہ ہر قسم کے لکڑی کے صندوق کے لئے مستعمل ہے۔

એટલે ફક્ત મય્યત માટે જે વપરાય છે તેને જ તાબૂત ન કહેવાય, બધી લાકડાની પેટીઓને તાબૂત જ કહેવાય છે.

بنی اسرائیل کا تابوت یا صندوق عہد کیا تھا؟ وہ کس کے ہاتھ سے بنا تھا؟ اور اس میں کیا چیزیں موجود تھیں؟ اس سلسلے میں ہماری روایات و تفاسیر میں اور اسی طرح 'عہد قدیم (توریت)' میں بہت کچھ کہا گیا ہے۔

શું હતું તાબૂતમાં? અને શાનાથી બનાવેલો હતો? એના વિષે ઈસ્લામી રિવાયત અને તફસીરોમાં પણ છે, અને તૌરાતમાં પણ આપણને જોવા મળે છે.

سب سے زیادہ واضح چیز جو احادیث اہل بیتؑ اور بعض مفسرین مثلاً ابن عباسؓ سے منقول ہے یہ کہ یہ تابوت وہی صندوق تھا جس میں حضرت موسیٰ علیہ السلام کی والدہ نے انہیں لپٹا کر دریا میں پھینکا تھا۔

આ એ જ પેટી હતી જેમાં નાખીને હઝરત મૂસા (અ.)ની માતાએ તેમને નદીમાં નાખી દીધા હતા, અને તેઓ ફિરઓન પાસે પહોંચી ગયા હતા.

فرعون کے کارندوں نے اسے دریا میں سے پکڑ لیا۔

ફિરઓનના સેવકોએ આ તાબૂતને નદીમાંથી લઈ લીધો.

حضرت موسیٰ علیہ السلام کو اس میں سے نکال لیا گیا اور صندوق جوں کا توں فرعون کے پاس محفوظ کر لیا گیا۔

હઝરત મૂસા (અ.)ને ફિરઓનના સેવકોએ કાઢી નાખ્યા અને સંદૂક પણ ફિરઓનને સોંપી દીધો.

سپرد کر دیا۔

પોતાના વસી, હઝરત મૂસા (અ.)ના વસી, આ બધી યાદગારો સાથે મૂસા (અ.)એ આ સંદૂકને તેમના વસીને સોંપી દીધું.

یوں صندوق کی اہمیت بنی اسرائیل کی نگاہ میں اور بڑھ گئی۔

આવી રીતે બની ઈસરાઈલ આને વધારે માન આપવા લાગ્યા.

لہذا وہ دشمنوں کے ساتھ جنگوں میں اسے ہمراہ لے جاتے اور اس کا ان پر نفسیاتی اور روحانی طور پر بہت اثر ہوتا۔

એટલે જ્યારે પણ જંગ કરવો પડતો, તો આ સંદૂકને પોતાની સાથે રાખતા હતા બની ઈસરાઈલ.

اسی لئے کہا جاتا ہے کہ جب تک وہ دل انگیز صندوق ان مقدس چیزوں کے سمیت ان کے ساتھ رہا وہ سر بلند رہے اور آبرومندانہ زندگی بسر کرتے رہے، لیکن رفتہ رفتہ ان کی دینی بنیادیں کمزور پڑ گئیں اور دشمن ان پر غلبہ حاصل کرتے رہے۔ وہ صندوق بھی ان سے چھن گیا۔

એટલે હિદાયત પામેલા હતા તો સંદૂક હતું, હિદાયતનો રસ્તો છોડ્યો એટલે સંદૂક છૂટી ગયું, સંદૂક છૂટી ગયું એટલે કિસ્મત છૂટી ગઈ.

جیسا کہ قرآن کہتا ہے:

કુરઆન શરીફ ફરમાવે છે:

"صندوق عہد تمہاری طرف آئے گا۔

તાબૂતે સકીના આવનારો છે તમારી તરફ.

(وہی صندوق کہ) جس میں آل موسیٰؑ اور آل ہارونؑ کی یادگاریں ہیں،

بعد ازاں وہ بنی اسرائیل کے ہاتھ آیا،

પછી ફિરઓન પાસેથી બની ઈસરાઈલે પ્રાપ્ત કર્યું આ સંદૂક.

تو وہ اس عجیب صندوق کو محترم شمار کرنے لگے اور اسے متبرک سمجھنے لگے۔

તો તેઓ આ સંદૂકને માન આપવા લાગ્યા, તેને મુબારક (બરકતવાળું) સમજવા લાગ્યા, અને તેની ઈજ્જત કરવા લાગ્યા.

حضرت موسیٰ علیہ السلام نے اپنی زندگی کے آخری دنوں میں وہ الواح مقدسہ جن پر احکام خدا لکھے ہوئے تھے اس میں رکھ دیے۔

એટલે જે ચાલીસ રાત માટે હઝરત મૂસા (અ.) ગયા હતા, 'તૂર'માં તજલ્લી જોઈ અને જે પણ કિસ્સો આપણે જાણીએ છીએ, એ પછી તખ્તીઓ અલ્લાહ તરફથી મળી હતી મૂસા (અ.) ને. એ તખ્તીઓ પણ મૂસા (અ.)એ આ સંદૂકમાં જ મૂકી દીધેલી હતી,

نیز اپنی زرہ اور دوسری یادگار چیزوں کا بھی اس میں اضافہ کر دیا۔

અને પોતાની ઝિરહ, જે જંગમાં પહેરાતી હોય છે – બખ્તર, તે પણ આ પેટીમાં મૂકી દીધેલું હતું. મૂસા (અ.) પછી ઘણાં વર્ષો પછી હઝરત અશ્મૂઈલ (અ.)નો જમાનો આવ્યો, તો મૂસા (અ.) નથી, તેમની ફક્ત યાદગારો જ છે, તો બની ઈસરાઈલને તો વધારે લાગણી હોય આ સંદૂકથી.

صندوق آپؑ نے اپنے وصی حضرت یوشعؑ بن نون کے

મૂસા (અ.) અને હારૂન (અ.)ની યાદગારો તેમાં છે.

جب کہ فرشتوں نے اسے اٹھار کھا ہوگا۔"

ફરિશ્તાઓ તે સંદૂકને લઈને આવનારા છે.

اس سے معلوم ہوتا ہے کہ صندوق عہد وہ ایسے تبرکات تھے جو حوادث کے موقع پر بنی اسرائیل کے لئے اطمینان بخش تھے اور معنوی ونفسیاتی اثرات کے حامل تھے۔ دوسری بات یہ ہے کہ بعدازاں حضرت موسٰی علیہ السلام اور حضرت ہارون علیہ السلام کے خاندان کی کچھ یادگاریں بھی اس میں رکھ دی گئی تھیں۔

(સૂરા બકરા, આયત–૨૪૮)

حضرت اشموئیلؑ نے بنی اسرائیل کو یہ بات دل نشین کرائی کہ صندوق عہد دوبارہ انہیں مل جائے گا اور جو سکون اور اطمینان وہ کھو بیٹھے ہیں دوبارہ حاصل کر لیں گے۔ معنوی و تاریخی پہلو کے حامل اس صندوق کی اہمیت دراصل بنی اسرائیل کے لئے ایک پرچم اور شعار سے بڑھ کر تھی۔ اسے دیکھ کے ان کی نظروں میں اپنی عظمت رفتہ کی یاد تازہ ہو جاتی تھی۔

حضرت اشموئیلؑ نے خبر دی کہ وہ صندوق لوٹ آئے گا۔ فطری امر ہے کہ یہ بنی اسرائیل کے لئے ایک بہت بڑی بشارت تھی۔

એટલે કે જ્યારે આ સમાચાર સંભળાવ્યા કે સંદૂક આવી રહ્યું છે, તાબૂત આવી રહ્યો છે, એટલે બધા ખુશ થઈ ગયા.

## فرشتے صندوق عہد کیسے لائے؟

હવે ફરિશ્તાઓ કેવી રીતે લાવ્યા? ફરિશ્તાઓ બધાને દેખાતા હતા કે નહોતા દેખાતા? તે વિષે જોઈ લઈએ.

جیسا کہ قرآن میں بیان ہوا ہے کہ "فرشتے اس صندوق کو اٹھائے ہوئے ہیں۔" یہاں پر سوال یہ ہوتا ہے کہ فرشتے صندوق عہد کو کیسے لائے؟ اس سلسلے میں مفسرین نے مختلف باتیں کی ہیں۔

તફસીરકારો છે કે જેમણે જુદી–જુદી વાતો કરી છે.

ان میں سے زیادہ واضح تواریخ کے حوالے سے یہ ہے کہ جب صندوق عہد فلسطین کے بت پرستوں کے ہاتھ لگا،

એટલે કે આપણે પહેલાં જોઈ ગયા કે બની ઈસરાઈલ ઉપર ફિલિસ્તીનીઓના લોકો, જે બુતપરસ્તો હતા, તેમણે વિજય પામ્યો, અને તેમની બધી જે તબર્રુકાત હતી, તેઓએ રાખી લીધી. હવે જ્યારે ફિલિસ્તીનીઓના હાથમાં આ સંદૂક આવ્યું.

اور وہ اسے اپنے بت خانے میں لے گئے اس کے بعد وہ بہت سی مصیبتوں اور ابتلاؤں کا شکار ہو گئے تو ان میں سے بعض کہنے لگے کہ "یہ سب کچھ صندوق عہد کے آثار میں سے ہے۔" لہذا انہوں نے طے کر لیا کہ اسے اپنے شہر اور علاقے سے باہر بھیج دیں گے۔

એટલે જ્યારે ફિલિસ્તીનના બુતપરસ્તોના હાથમાં સંદૂક આવ્યું, તો તેમણે તેમના બુતકદામાં આ સંદૂકને મૂક્યું તો તેમની કિસ્મતે પલટો ખાધો અને તેમના ઉપર મુસીબતો પર મુસીબતો આવવા લાગી, તો તેમણે નક્કી કર્યું કે આ સંદૂકના કારણે બધું થઈ રહ્યું છે એટલે આ સંદૂકને ક્યાંક દૂર મૂકી આવો.

کے خدا کی طرف سے مامور ہونے کی نشانی کے طور پر قبول کر لیا۔

જ્યારે તાબૂતે સકીના જોયો, તો તાલૂતને પણ સરદાર માની લીધા.

اس لئے ظاہراً تو دو بیل اسے شہر میں لائے، لیکن در حقیقت یہ کام خدائی فرشتوں کی وجہ سے انجام پذیر ہوا۔

એટલે લોકોને તો એવું જ દેખાયું કે બે બળદ સંદૂકને લઈ આવ્યા છે, પરંતુ ખરેખર અલ્લાહના ફરિશ્તા એ બળદને હાંકી રહ્યા હતા અને અશ્મૂઈલ (અ.)ના શહેર તરફ લાવી રહ્યા હતા.

اسی وجہ سے صندوق اٹھا لانے کی نسبت فرشتوں کی طرف دی گئی ہے۔ اصولی طور پر فرشتہ اور ملک قرآن حکیم اور روایات میں ایک وسیع مفہوم کا حامل ہے۔ اس مفہوم میں روحانی عقل رکھنے والے موجودات کے علاوہ اس جہان کی مخفی قوتوں کا ایک سلسلہ بھی شامل ہے۔

એટલે ફરિશ્તા અને મુલ્ક, આપણે જોઈએ કે ફરિશ્તા એટલે અલ્લાહના ફરિશ્તા હોય, જે પણ આપણી કલ્પના હોય, પર (પાંખો) હોય અને ઊડતા હોય ને આવી રીતે વહી લાવતા હોય, જે પણ આપણે રિવાયતોથી કે આપણી કલ્પનાઓથી એક આપણા મસ્તિષ્કમાં એક પિકચર બનાવ્યું છે, તે પિકચર છે, પરંતુ અલ્લાહના મફહૂમમાં અને આપણા પિકચરમાં, આપણી તસ્વીરમાં, કદાચ ફેરફાર હોઈ શકે. અને મુલ્ક (દેશ). મુલ્ક જ્યારે આપણે સમજીએ ત્યારે સામ્રાજ્ય અથવા

کوئی شخص اسے باہر لے جانے کو تیار نہ ہوا۔

બધા ડરતા હતા. કોઈ બહાર લઈ જવા માટે તૈયાર ન થયું.

مجبوراً دو بیل جوتے گئے،

બે બળદ જોતવામાં આવ્યા.

اور صندوق عہد کو باندھ کر بیلوں کو بیابان میں جا کر چھوڑا گیا۔

એમની પાછળ સંદૂકને બાંધવામાં આવ્યું અને જંગલોમાં છોડી દેવામાં આવ્યું.

اتفاق سے یہ واقعہ ٹھیک اس وقت رونما ہوا جب طالوت کو بنی اسرائیل کا فرمانروا بنایا گیا۔

જ્યારે અલ્લાહની વહી આવી કે સંદૂક મળવાનું છે અને તાલૂતને જ્યારે સરદારી મળી, એ જ સમયે આ બધું થઈ રહ્યું હતું. અલ્લાહની ડિઝાઈન, અલ્લાહનું પ્લાનિંગ.

خدا نے فرشتوں کو حکم دیا کہ وہ ان دو بیلوں کو اشموئیلؑ کے شہر کی طرف ہانک کر لے جائیں۔

તો ફરિશ્તાઓ — તફસીર પ્રમાણે, કુરઆન શરીફ આ વિષે કોઈ સ્પષ્ટતા કરતું નથી, પરંતુ તફસીરકારો આવી રિવાયતો લખે છે કે ફરિશ્તાઓ દેખાઈ રહ્યા ન હતા, પરંતુ ફિલિસ્તીનના જે બુતપરસ્તોએ જે બળદોને છોડી દીધા હતા સંદૂકને જંગલોમાં લઈ જવા માટે, તો ફરિશ્તાઓ — તે બળદોને હાંકી રહ્યા હતા.

بنی اسرائیل نے صندوق عہد کو دیکھا تو اسے طالوت

દેશ માની લઈએ, પરંતુ કુરઆન શરીફની ભાષામાં ફરિશ્તા અને મુલ્ક આ બન્ને વસ્તુઓનો ફક્ત જે આપણે સમજીએ છીએ તે જ અર્થ નથી. એક બિલકુલ વિશાળ અર્થ છે. આપણે જે સમજીએ એ ફરિશ્તા કરતાં બીજા લોકો, જેમના વડે અલ્લાહ કામ લે તેમને પણ અલ્લાહ કેટલીક વાર ફરિશ્તા કહીને બોલાવે છે, વર્ણન કરે છે. અને મુલ્ક પણ આવી જ રીતે શક્ય છે કે આવી દેશની બોર્ડર જેવું કોઈ મુલ્ક ન હોય, પરંતુ અલ્લાહ મુલ્ક કહે તે જુદું જ કોઈ મુલ્ક પણ હોઈ શકે.

## یہ داوود کون سے داوود تھے؟

હવે છેલ્લે આ દાવૂદ (અ.) કયા દાવૂદ (અ.) હતા કે જેમણે જાલૂતને ગિલોલ વડે પરાસ્ત કર્યો? એ વિષે આપણે જાણી લઈએ.

*اگرچہ قرآن میں صراحت موجود نہیں،*

કુરઆન શરીફ સ્પષ્ટતા કરતું નથી.

*کہ یہ داوود وہی پیغمبر ہیں جو حضرت سلیمانؑ کے والد گرامی ہیں یا کوئی اور شخص۔*

કુરઆન શરીફ સ્પષ્ટતાથી કહેતું નથી કે સુલયમાન (અ.)ના પિતા કે જેઓ નબી હતા, રસૂલ હતા, એ જ દાવૂદ (અ.) કે બીજા કોઈ દાવૂદ (અ.)?

*لیکن اس قرآن سے یہی ظاہر ہوتا ہے کہ وہ مقام نبوت کے حامل ہوئے۔ قرآن آگے چل کر یوں بیان کرتا ہے:*

તો કુરઆન શરીફની આયત જે આપણે હાલ જોઈશું, તેનાથી જાહેર થાય છે કે આ દાવૂદ કે જેમણે જાલૂતને પરાસ્ત કર્યો, એ પણ આગળ જઈને નબુવ્વત ઉપર ફાઈઝ થયા. તો એ નબુવ્વત ઉપર ફાઈઝ થયા અને એ જ જમાનાના હતા કે જે જમાનામાં સુલયમાન (અ.) અને તેમના પિતા પણ હતા. તો શક્ય છે કે એ એક જ દાવૂદ (અ.) હોય, કારણ કે બન્ને નબી હતા, બન્ને નબી એક જ જમાનામાં એક નામથી કદાચ ન હોય. સંભાવના એ છે કે એ જ દાવૂદ (અ.) હશે.

*"خدا نے اسے حکومت اور علم عطا کیا اور جو کچھ وہ چاہتا تھا اسے سکھایا۔"*

આ આયત છે.

*ایسی تعبیر عام طور سے انبیاء کے متعلق ہی ہوتی ہے۔*

અલ્લાહ કુરઆન શરીફમાં આવી તાબીર, આયતમાં જેવું વર્ણન છે તે ફક્ત નબીઓ માટે જ કરે છે એટલે એ નવયુવાન દાવૂદ ખરેખર દાવૂદ (અ.) જ હશે. આવું આપણે સમજી શકીએ.

*اور ہم نے اس کی حکومت کو مضبوط کر دیا اور اسے علم و دانش عطا کیا۔*

આ બીજી આયત છે કે અમે તેની હુકૂમતને મજબૂત કરી દીધી અને તેને જ્ઞાન અને સમજદારી આપી.

*اس سلسلہ کی ذیل میں جو احادیث منقول ہیں ان سے بھی واضح ہوتا ہے کہ یہ وہی مشہور پیغمبر حضرت داوودؑ تھے۔*

અહીં હઝરત અશ્મૂઈલ (અ.)નો કિસ્સો પૂરો થયો.

# ગડમથલ

**૩૯૯** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) ઝડપ, ગતિ, ચાલ, ઢંગ, રીત (૪)
(૪) કાળજી વિનાનું, નિષ્કાળજી (૪)
(૭) સ્વાર્થત્યાગ, બલિદાન, નિ:સ્વાર્થ (૩)
(૯) સહાય, સહાયતા, આશરો, પક્ષપાત (૩)
(૧૧) ખુમારી, ઘમંડ, ગર્વ, નશો, કેફ (૨)
(૧૨) પાલવ, પહેરણ કે સાડીનો છેડો (૩)
(૧૩) તવો, શેકાવા કે તળવા માટેનું સાધન (૨)
(૧૪) શિક્ષા, દંડ, નસીહત (૨)
(૧૫) કાંટો, કંટક, ઈર્ષા, દ્વેષભાવ (૨)
(૧૬) રોટી, રોટલી, બ્રેડ (૨)
(૧૭) રસ્તો, માર્ગ, પંથ, યુક્તિ, ઉપાય (૨)
(૨૦) સંસ્થા, સભા, કાર્યાલય, દફ્તર (૩)
(૨૧) તપસ્વિની, સાધ્વી, ભક્તિમાં લીન સ્ત્રી (૩)
(૨૩) મોહંમદ (સ.) પર નાઝીલ થયેલ કિતાબ (૩)
(૨૫) આઠમા ઈમામ (અ.)નો લકબ (૨)
(૨૬) એક જન્નતનું નામ (૩)
(૨૭) ગાદીરનો પ્રસંગ ત્યાં બનેલો (૨)
(૨૮) મોટી થાળી, રકાબી, નાની તાસ (૩)
(૨૯) એક મેવાનું નામ (૩)
(૩૧) સંતાન, ઓલાદ, પવિત્ર સંતાન (૪)
(૩૨) ફટાકડો કે બંદૂક ફૂટવાનો અવાજ (૨)

## ઊભી ચાવીઓ

(૧) દયા, કૃપા, મહેરબાની, રહેમ, તરસ (૪)
(૨) સહાયતા, સમર્થન, મદદ, પુષ્ટિ, તરફદારી (૩)
(૩) સેરવો, રસ, સૂપ (૨)
(૫) રસીલું, રસથી ભરપૂર, સ્વાદિષ્ટ (૪)
(૬) રહેણીકરણી, રહેવાની ક્રિયા (૬)
(૮) માહે સિયામ, રોઝા રાખવાનો મહીનો (૪)
(૧૦) સ્યાહી રાખવાનો ખડિયો, સ્યાહી રાખવાનું પાત્ર (૩)
(૧૪) પ્રશંસા, વખાણ, તારીફ, હમ્દ (૨)
(૧૫) કુળ, પરિવાર, વંશ, કુટુંબ, પ્રતિષ્ઠિત (૪)
(૧૮) ખાતું, મંત્રાલય (૪)
(૧૯) પોકાર, ગેબી અવાજ, આકાશવાણી (૨)
(૨૦) આઠમા ઈમામ (અ.)નો રોઝો એ દેશમાં આવેલો છે (૩)
(૨૨) આડ, પડદો, ચહેરા ઉપરનું આવરણ (૩ )
(૨૩) પ્રકૃતિ, નિસર્ગ, સામર્થ્ય, શક્તિ, જોર, સમૃદ્ધિ (૪)
(૨૪) મદદ, સહાયતા, આશ્રય, સહકાર (૪)
(૨૭) સુંદર, સરસ, ઉત્તમ, ઉમદા, સ્વચ્છ (૨)
(૩૦) આશરે વીસ કિલો વજન, હું, સાપનો મહોરો (૨)

# મુસ્લિમ ઇબ્ને અકીલ (અ.) કૂફામાં

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

કૂફામાં મુસ્લિમ (અ.)નું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું અને હજારોની સંખ્યામાં લોકોએ મુસ્લિમ (અ.)ના હાથ પર ઈમામ હુસૈન (અ.)ની બૈઅત કરી લીધી. લોકોના ઉત્સાહ અને બાંયધરીથી મુસ્લિમ (અ.) ખૂબ પ્રભાવિત થઈ ગયા હતા, તેથી તેમણે તરત જ ઈમામ હુસૈન (અ.)ને કૂફા આવવાની સલાહ આપતો પત્ર લખી દીધો.

જ્યારે યઝીદને મુસ્લિમ (અ.)ના કૂફા આવવાની અને લોકોની પ્રતિક્રિયાની જાણ થઈ, તો તેણે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદને કૂફાના ગવર્નર તરીકે એવી સૂચના સાથે મોકલી દીધો કે તું મુસ્લિમનો ટેકો પાછો લઈ લેવા માટે લોકો ઉપર દબાણ કરજે. કૂફાના નવા ગવર્નરના આગમન પછી તરત જ તે કૂફાના આગળપડતા લોકોને લાંચ આપીને ફોડી નાખીને મુસ્લિમ (અ.)ની બૈઅત તોડી નાખવામાં સફળ થયો. કૂફાની બાકીની વસ્તી માટે તેણે કડક ધમકી આપી. મગરિબની નમાઝના વખતે તેણે નીચે મુજબના સંદેશાની જાહેરાત કરી:

“જે કોઈ હુસૈન ઇબ્ને અલીના પ્રતિનિધિ મુસ્લિમ ઈબ્ને અકીલ સાથે જોડાયેલો જણાશે, તેને ખલીફો યઝીદ બાગી હોવાનું સમજી લેશે. એની સજા તરીકે એવા લોકોને ફાંસીએ લટકાવવામાં આવશે, તેમના કુટુંબીજનોને તલવારથી કતલ કરવામાં આવશે અને તેમની માલ–મિલકત જપ્ત કરવામાં આવશે. જે કોઈએ અત્યાર સુધી તેમની મદદ કરી હોય, અને જ્યાં સુધી તેમણે તાત્કાલિક પોતાની બૈઅત પાછી ખેંચી લીધી હોય, તો તેમને કોઈ નુકસાન નહીં થાય.”

નમાઝનો સમય થયો અને મુસ્લિમ (અ.) નમાઝની ઈમામત કરવા માટે ઊભા થયા, જેવું કે તેમણે પોતાના આગમન વખતે કર્યું હતું. જ્યારે તેમણે નમાઝ ખતમ કરી અને પાછા ફરીને જોયું તો હાની ઈબ્ને ઉર્વા, કે જેમના ઘેર મુસ્લિમ (અ.) મહેમાન હતા, તેમના સિવાય આખી મસ્જિદ ખાલી હતી. કૂફાના લોકો મુસ્લિમ (અ.)ને મોતની સજા થયેલી જાણીને આ અન્યાયની સામે ગવર્નરની ચેતવણીને ખૂબ કાયરતાપૂર્વક તાબે થઈ ગયા હતા. આ એ જ લોકો હતા કે જેમણે અગાઉ ઈમામ અલી (અ.)ને અને ઈમામ હસન (અ.)ને તેમની જરૂરિયાતના સમયે એકલા છોડી દીધા હતા.

મુસ્લિમ (અ.) અને હાની સમજી ગયા કે તેમની પહેલી પ્રાથમિકતા ઈમામ હુસૈન (અ.)ને સમાચાર આપવાની હતી અને ચેતવણી આપવાની હતી કે આપ (અ.) કૂફા તરફ આવતા નહીં. હાની શહેરને વધારે સારી રીતે જાણતા હતા તેથી તેમણે નક્કી કરી લીધું કે તેમણે આ સમાચારની સાથે જ

દૂર જતા રહેવું જોઈએ.

ઝડપથી વિદાય લઈને હાની નીકળી પડ્યા. તેઓ જાણતા હતા કે તેઓ કૂફા છોડી દે તે પહેલાં મુસ્લિમ (અ.)ના બે નાના બાળકોની સલામતીને નિશ્ચિત બનાવવા માગતા હતા, તેથી ઘર તરફ ઝડપથી ગયા અને પોતાની જૌઝાને કહ્યું કે ઘરના પાછલા બારણાથી એવી સૂચના સાથે તે બન્ને બાળકોને બહાર નીકળી જવાનું કહ્યું કે તમે બન્ને શહેરને છોડી દો.

જેવી હાનીએ ઘર છોડવાની તૈયારી કરી, ત્યાં તો તેમના ઘરને હથિયારબંધ સૈનિકોથી ઘેરી લેવામાં આવ્યું. હાનીએ પોતાની તલવાર ખેંચી કાઢી અને સહેલાઈથી નમતું નહીં આપવાનો નિર્ધાર કર્યો. જો કે, તેઓ નિરાશ થયા કેમ કે એકલા હતા, તેથી તેમને ખૂબ ત્રાસ આપવામાં આવ્યો, સાંકળોથી બાંધી દેવામાં આવ્યા અને ગવર્નરની પાસે લઈ જવામાં આવ્યા.

એ સમય દરમિયાન મુસ્લિમ (અ.)એ કંઈ સૂઝ ન પડતાં કે ક્યાં જવું, મસ્જિદને છોડી દીધી. છેવટે તેઓ થાકેલા અને તરસ્યા થયેલા, આરામ કરવા માટે એક ઘરના દરવાજે ઊભા રહ્યા. દરવાજો ખૂલ્યો અને દરવાજામાં એક ઘરડી સ્ત્રી ઊભેલી હતી.

તેમને ઓળખી જઈને તેણીએ તેમને ઝડપથી પોતાના ઘરમાં બોલાવી લીધા, અને એવી ચેતવણી આપી કે દરેક જગ્યાએ સિપાહીઓ તેમને શોધી રહ્યા છે.

આ નેક સ્ત્રી કે જેનું નામ તૌઆ હતું, તેણીએ મુસ્લિમ (અ.)ને જ્યાં સુધી જવાનું સલામત ન બને, ત્યાં સુધી પોતાના ઘરના મેડા પર સંતાઈ જવાનું કહ્યું. મેડા પર જતાં પહેલાં મુસ્લિમ (અ.) એ તે સ્ત્રીને કહ્યું કે મારે ઈમામ હુસૈન (અ.)ને એક તાકીદનો સંદેશો મોકલવાનો છે. તેણીએ ખાતરી આપી કે તેણીનો દીકરો જલ્દીથી ઘેર પાછો આવશે કે જે એક ઉમદા માણસ છે અને આપને સારામાં સારી મદદ કરશે.

જ્યારે તૌઆનો દીકરો ઘેર આવ્યો, તો તેણીએ તેને પરિસ્થિતિ સમજાવી દીધી. તે દુષ્ટ માણસે મુસ્લિમ (અ.)ને પકડી લાવનારને ઈનામ મળવાનો વિચાર કર્યો. તેણે લુચ્ચાઈપૂર્વક તેની માતાને ખાતરી આપી કે તે આવતી કાલે મુસ્લિમ (અ.)ને છટકી જવાની વ્યવસ્થા ગોઠવશે. બીજી સવારે તે બેવફા માણસ ગવર્નરની પાસે પહોંચી ગયો અને તેને મુસ્લિમ (અ.)ના રહેઠાણની બાતમી આપી દીધી.

જ્યારે મુસ્લિમ (અ.)એ સિપાહીઓના આવવાનો અવાજ સાંભળ્યો તો તેમને જાણ થઈ ગઈ કે તેમની સાથે દગો કરવામાં આવ્યો છે અને તેમણે તે સ્થળ છોડવું પડશે. આપ (અ.)એ તે ઘરમાં લટકાવેલી તલવાર ખેંચી લીધી અને બહાર નીકળી આવ્યા. સિપાહીઓ આશા રાખતા હતા કે તેઓ સહેલાઈથી તાબે થઈ જશે, પરંતુ જ્યારે તેમણે મુસ્લિમ (અ.)ને ક્રોધે ભરાયેલા સિંહની માફક ઘરની બહાર નીકળતા જોયા તો નવાઈ પામ્યા. ઘરની બહારની શેરી એટલી બધી સાંકડી હતી કે સિપાહીઓ માટે એકઠા થઈને તેમના પર હુમલો કરવાનું શકય ન હતું. મુસ્લિમ (અ.) ફક્ત એકની

સાથે જ લડી શકે તેમ હતું. મુસ્લિમ (અ.) પણ કંઈ સાધારણ લડવૈયા ન હતા. તેમને દ્વંદ્વયુદ્ધનો બહોળો અનુભવ અને કુશળતા હતી, તેથી તેમના હુમલાથી દુશ્મનો પીછેહઠ કરવા લાગ્યા, મરવા લાગ્યા અને તેમના પોતાના જ સિપાહીઓના ઘોડાઓના પગ તળે કચડાવા લાગ્યા.

સિપાહીઓના સરદારે ગવર્નરને સંદેશો મોકલ્યો કે અમારે વધારે માણસોની જરૂર છે. આ વિનંતીથી ગવર્નર નવાઈ પામ્યો. તેણે મેણું મારતાં જવાબ આપ્યો કે એક માણસને પકડવા માટે તમારે કેટલા યોદ્ધાઓની જરૂર છે? તેના કહેવાનો ભાવાર્થ એવો હતો કે હું એકલો જ તેમને પકડી લાવત. કાયર માણસને પાછો મોકલવામાં આવ્યો. તેના બદલે તેણે એવું સૂચન કર્યું કે દગો કરીને તેમને જાળમાં ફસાવવા વધારે સારી બાબત છે.

તેના કહેવા પ્રમાણે એક ખાડો ખોદવામાં આવ્યો અને ઘાસ અને લાકડાંથી તેને ઢાંકી દેવામાં આવ્યો.

જેવા મુસ્લિમ (અ.) દુશ્મનોને હટાવતા આગળ વધ્યા, તો તેઓ બધા નાસી ગયા અને આપ (અ.) તે ખાડામાં પડી ગયા. જે કાયર લોકો તેમનાથી દૂર ભાગી રહ્યા હતા, તેઓ હવે તરત જ પાછા આવી ગયા અને આપના પર પત્થરમારો કરવા લાગ્યા.

આપ (અ.)ના માથામાંથી લોહી વહેવા લાગ્યું અને આપ (અ.) બેભાન થઈ ગયા. આપ (અ.)ને ખાડામાંથી ઉપર ખેંચી લેવામાં આવ્યા, સાંકળોથી બાંધવામાં આવ્યા અને ઉબૈદુલ્લાહની સામે રજૂ કરવામાં આવ્યા.

મુસ્લિમ (અ.)ના માથા પરથી લોહી વહી રહ્યું હતું. મુસ્લિમ (અ.) બેભાન થઈને નીચે પડી ગયા. તેમને ખેંચીને ઊભા કરવામાં આવ્યા અને ઉબૈદુલ્લાહની પાસે લાવવામાં આવ્યા. જ્યારે મુસ્લિમ (અ.)ને ઉબૈદુલ્લાહની સામે રજૂ કરવામાં આવ્યા, ત્યારે તેઓ ગર્વપૂર્વક સીધા ઊભા રહ્યા અને તેને સલામ કરી નહીં. તેમને હાનીની જેમ મારી નાખતાં પહેલાં પોતાની છેલ્લી ઈચ્છા વિષે પૂછવામાં આવ્યું. મુસ્લિમ (અ.)એ ઈમામ હુસૈન (અ.) તરફ સંદેશવાહકને મોકલવાની માંગણી કરી. આ વિનંતિ સાંભળીને ઉબૈદુલ્લાહને નવાઈ લાગી. તેણે તો મુસ્લિમ (અ.)ના દીકરાઓ માટે દયાની યાચનાની આશા રાખી હતી કે જેમને શોધી કાઢવામાં આવ્યા હતા અને પકડી લેવામાં આવ્યા હતા. તેણે ઈમામ હુસૈન (અ.) તરફ સંદેશવાહકને મોકલવાની મુસ્લિમ (અ.)ની વિનંતિને ઠુકરાવી દીધી. ત્યાર પછી મુસ્લિમ (અ.)એ પોતાનું બખ્તર વેચીને કૂફામાં પોતાનું કર્ઝ અદા કરવાનું કહ્યું. આ વિનંતિ સાથે સહમત થયા પછી ઉબૈદુલ્લાહે મુસ્લિમનું સર કાપી નાખવાનો હુકમ કર્યો. જેવી જલ્લાદની તલવાર તેમની ગરદન ઉપર પડી તો મુસ્લિમ (અ.)એ આ મુજબ અરજ કરી,

"અય પાક ઈમામ! મને માફ કરી દેજો, કેમ કે હું ગેરમાર્ગે દોરાઈ ગયો હતો. યા અલ્લાહ! અહીં શું બન્યું છે તેની, અને તેઓ કૂફા ન આવે તેની જાણ તેમને કરી દેજે."


AUTO RELAX
RELAX YOUR CAR
(વાઘરોલ વાળા)
ઓટો રિલેક્ષ | રિલેક્ષ યોર કાર
દર રવિવારે રજા રહેશે.
ટાયર
બેટરી
નાઈટ્રોઝન હવા
કાર વોશિંગ
કાર જનરલ સર્વિસ
ઓઇલ
ટ્યુબલેસ ટાયર પંચર બનાવી આપવામાં આવશે.
તમારી મનપસંદ બ્રાંડના ટાયરના ભાવ
હવે આપ ઘરે બેઠા પણ મેળવી શકો છો.
ટાયરની સાઈઝ અને ટાયરની બ્રાંડ સાથે વોટ્સ એપ કરો અને ભાવ જાણો
96 874 40 530
YOKOHAMA
Continental
The Future in Motion
BRIDGESTONE
apollo
KELLY TIRES
CEAT
GOODYEAR
MICHELIN
Firestone
JK TYRE
TOTAL CONTROL
MRF
સંતોષકારક ઈંસ્ટોલેશન
ફિક્સ અને વાજબી ભાવ
3D કમ્પ્યુટરાઇઝ્ડ
વ્હીલ અલાઈમેન્ટ
વ્હીલ બેલેન્સીંગ
કાર વોશિંગ
AUTO RELAX
ફોમ વોશ
ઇન્ટીરિયર કલીનિંગ
પોલીશ
સ્ટીમ વોશ
વેક્યુમ કલીનિંગ
* વ્હીલ અલાઈમેન્ટ અને વ્હીલ બેલેન્સિંગ આધુનિક મશીન દ્વારા અનુભવી ટેકનિશિયનના હાથે ચોકસાઈ સાથે કરવામાં આવે છે. ગ્રાહકનો સંતોષ જ અમારી પ્રથમ પ્રાથમિકતા છે.
* શરતોને આધીન
FOR ANY INQUIRY
+91 96 874 40 530
કાકોશી ચાર રસ્તા, સર્વોદય સત ઈસબગુલ ફેક્ટરીની સામે
અમદાવાદ - પાલનપુર હાઈવે, સિધ્ધપુર -૩૮૪૧૫૧. (ગુજરાત)



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## સ્ત્રીઓના હકકો માટે કુરઆનનું વર્ણન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَقُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ
وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ
اِلَّا مَا ظَهَرَ مِنْهَا وَلْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ
عَلٰى جُيُوْبِهِنَّ ۖ وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا
لِبُعُوْلَتِهِنَّ اَوْ اٰبَآئِهِنَّ اَوْ اٰبَآءِ بُعُوْلَتِهِنَّ
اَوْ اَبْنَآئِهِنَّ اَوْ اَبْنَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ
اِخْوَانِهِنَّ اَوْ بَنِيْٓ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْٓ
اَخَوٰتِهِنَّ اَوْ نِسَآئِهِنَّ اَوْ مَا مَلَكَتْ
اَيْمَانُهُنَّ اَوِ التّٰبِعِيْنَ غَيْرِ اُولِى
الْاِرْبَةِ مِنَ الرِّجَالِ اَوِ الطِّفْلِ الَّذِيْنَ
لَمْ يَظْهَرُوْا عَلٰى عَوْرٰتِ النِّسَآءِ ۖ وَلَا
يَضْرِبْنَ بِاَرْجُلِهِنَّ لِيُعْلَمَ مَا يُخْفِيْنَ مِنْ
زِيْنَتِهِنَّ ۚ وَتُوْبُوْٓا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَ

❁ અને તું મોમિન સ્ત્રીઓને પણ કહે કે તેણીઓ પોતાની દૃષ્ટિ નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોને (બીજાઓની નજરથી) બચાવે, અને પોતાનો બનાવ–સિંઘાર — કે જે પોતમેળે જાહેર થાય તે સિવાય — (જાણીજોઈને) જાહેર (કરવાના પ્રયત્નો) ન કરે, અને તેમને જોઈએ કે પોતાની ઓઢણીઓ છાતી પર નાખી રાખે; અને પોતાનો શણગાર પોતાના ખાવિંદો અથવા પોતાના બાપદાદાઓ અથવા પોતાના પતિઓના બાપદાદાઓ અથવા પોતાના પુત્રો અથવા પોતાના પતિના (સાવકા) પુત્રો અથવા પોતાના ભાઈઓ અથવા પોતાના ભત્રીજાઓ અથવા પોતાના ભાણેજો અથવા પોતાની ચાકરડીઓ, અથવા પોતાની લોંડી–ગુલામો અથવા એવા પુરુષ–નોકરો — કે જેમને સ્ત્રીઓની જરૂર હોતી નથી — અથવા તે છોકરાઓ કે જેઓ હજુ સ્ત્રી–અંગથી વાકેફ (બાલિગ) થયા ન હોય, તેમના સિવાય બીજા કોઈ પર જાહેર ન થવા દે; અને તેણીઓ (ચાલતાં ચાલતાં) પોતાના પગ એવા હેતુથી (જમીન

الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٣١﴾

પર જોરથી) પછાડે નહીં કે જે શણગાર તેણીએ સંતાડેલો છે તે જાહેર થઈ જાય; અને અય મોમિનો! તમે સઘળા ને સઘળા જ અલ્લાહની હુઝૂરમાં તોબા કરો કે જેથી તમે (સર્વે) મુક્તિ પામો.

**(સૂરા નૂર, આયત–૩૧)**

---

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَاِمَآئِكُمْ ؕ اِنْ يَّكُوْنُوْا فُقَرَآءَ يُغْنِهِمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿٣٢﴾

۞ અને તમારામાંથી જે સ્ત્રીઓ અવિવાહિત હોય, તેમનાં લગ્ન કરી આપો,અને તમારા ગુલામો અને લોંડીઓમાંથી જેઓ સદાચારી હોય,તેમનાં પણ; અગર તેઓ મોહતાજ હશે, તો અલ્લાહ પોતાની કૃપા વડે તેમને સમૃદ્ધ કરી દેશે;અને અલ્લાહ ઉદાર અને જાણનાર છે.

**(સૂરા નૂર, આયત–૩૨)**

---

وَالْقَوَاعِدُ مِنَ النِّسَآءِ الّٰتِىْ لَا يَرْجُوْنَ نِكَاحًا فَلَيْسَ عَلَيْهِنَّ جُنَاحٌ اَنْ يَّضَعْنَ ثِيَابَهُنَّ غَيْرَ مُتَبَرِّجٰتٍۢ بِزِيْنَةٍ ؕ وَاَنْ يَّسْتَعْفِفْنَ خَيْرٌ لَّهُنَّ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٦٠﴾

۞ અને મોટી વૃદ્ધ સ્ત્રીઓ કે જેમને નિકાહની આશા ન હોય, તેઓ પોતાનાં વસ્ત્રો (ઓઢણી વગેરે) કાઢી નાખે તો તેમના માથે કોઈ દોષ નથી એવી સ્થિતિમાં કે તેમને પોતાના બનાવ શણગારની જાહેરાતનો હેતુ ન હોય; અને જો તેણીઓ એમ કરતાં અટકે તો તે તેમના માટે વધુ બહેતર છે. અને અલ્લાહ મહાન સાંભળનાર, જાણનાર છે.

**(સૂરા નૂર, આયત–૬૦)**

---

وَمِنْ اٰيٰتِهٖۤ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا لِّتَسْكُنُوْۤا اِلَيْهَا وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٢١﴾

۞ અને તેની નિશાનીઓમાંથી આ પણ એક છે કે તમારા માટે તમારામાંથી જ જોડાં (સ્ત્રીઓ) પણ પેદા કર્યાં છે કે જેથી તેમની પાસે જઈ રાહત મેળવો, અને તમારા ઉભય વચ્ચે મમતા પેદા કરી; નિ:સંશય તે લોકો માટે કે જેઓ ચિંતવન કરે છે, એમાં (ઘણી) નિશાનીઓ મોજૂદ છે.

**(સૂરા રૂમ, આયત–૨૧)**



# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِكَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## મોહંમદ (સ.) અને આપ (સ.)ની અહલેબૈત (અ.)

١٠۔ اِنَّ لِـ﴿لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ﴾ شُرُوطًا وَّاِنِّیْ وَذُرِّیَتِیْ مِنْ شُرُوْطِهَا

૧૦. ખરેખર, 'લા ઈલાહા ઈલ્લલ્લાહ'ની કેટલીક શર્તો છે, હું અને મારી આલ તે શર્તોમાંથી જ છીએ.

١١۔ اِنَّ الْمِسْكِیْنَ رَسُوْلُ اللّٰهِ فَمَنْ اَعْطَاهُ فَقَدْ اَعْطَی اللّٰهَ وَمَنْ مَنَعَهٗ فَقَدْ مَنَعَ اللّٰهَ سُبْحَانَهٗ

૧૧. ખરેખર, માંગણી કરનાર અલ્લાહના રસૂલ (સ.) છે, તો જે તેમને આપે છે, તે અલ્લાહને આપે છે, અને જે તેમને મનાઈ કરે છે, તે અલ્લાહને મનાઈ કરે છે.

١٢۔ اِنَّ اَمْرَنَا صَعْبٌ مُّسْتَصْعَبٌ، لَا یَحْتَمِلُهٗ اِلَّا عَبْدٌ امْتَحَنَ اللّٰهُ قَلْبَهٗ لِلْاِیْمَانِ، وَلَا یَعِیْ حَدِیْثَنَا اِلَّا صُدُوْرٌ اَمِیْنَةٌ، وَاَحْلَامٌ رَّزِیْنَةٌ

૧૨. બેશક, અમારા હુક્મો ઘણા મુશ્કેલ અને અઘરા છે. તે હુક્મો ઉપર તે બંદાઓ જ સબ્ર કરી શકશે કે અલ્લાહે જેમનાં દિલોની ઈમાન માટે કસોટી કરી લીધી છે, અને તેમનાં દિલોને ઈમાનથી ભરી દીધાં છે. અમારી હદીસોને અમાનતદાર દિલ અને સમજદાર બુદ્ધિઓ જ સાચવી શકશે.

١٣۔ اِلَیْنَا یَرْجِعُ الْغَالِیْ، وَبِنَا یَلْحَقُ التَّالِیْ

૧૩. અમારાથી આગળ વધી જનારા છેવટે તો અમારી તરફ જ પાછા ફરશે, અને અમારી પાછળ રહી જનારા પણ છેવટે અમારાથી જ મળી જશે.

١٤- إِنَّ اللهَ تَعَالٰى اَطْلَعَ عَلَى الْاَرْضِ فَاخْتَارَنَا، وَاخْتَارَ لَنَا شِيْعَةً يَّنْصُرُوْنَنَا، وَيَفْرَحُوْنَ لِفَرَحِنَا، وَيَحْزَنُوْنَ لِحُزْنِنَا، وَيَبْذُلُوْنَ اَنْفُسَهُمْ وَاَمْوَالَهُمْ فِيْنَا، فَاُولٰٓئِكَ مِنَّا، وَاِلَيْنَا، وَهُمْ مَعَنَا فِي الْجِنَانِ

૧૪. ખરેખર, અલ્લાહે જમીન પર નજર નાખી અને મખ્લૂકમાંથી અમોને ચૂંટી લીધા, અને અમારા માટે અમારા શીઆઓને પસંદ કર્યા કે જેઓ અમારી મદદ કરે છે અને અમારી ખુશીમાં ખુશ અને અમારા દુ:ખમાં દુ:ખી થાય છે અને અમારી ખાતર જાનમાલની કુરબાની કરે છે, અને એમ કેમ ન હોય જ્યારે કે તેઓ અમારામાંથી જ છે અને જન્નતમાં અમારી સાથે હશે?

١٥- إِنَّ اَمْرَنَا صَعْبٌ مُّسْتَصْعَبٌ، خَشِنٌ مُّخْشَوْشِنٌ، سِرٌّ مُّسْتَسِرٌّ، مُقَنَّعٌ، لَا يَحْمِلُهُ اِلَّا مَلَكٌ مُّقَرَّبٌ، اَوْ نَبِيٌّ مُّرْسَلٌ، اَوْ مُؤْمِنٌ امْتَحَنَ اللهُ سُبْحَانَهُ قَلْبَهُ لِلْاِيْمَانِ

૧૫. ખરેખર, અમારી બાબતો મહેનત માંગી લે તેવી, કપરી, કષ્ટપ્રદ, છૂપી, ગૂઢ, અને છાની રાખવામાં આવેલી છે. તેમના સુધી ફરિશ્તાઓ, નબીઓ અને એ જ મોમિનોની પહોંચ છે કે જેમનાં દિલોની કસોટી ઈમાન માટે અલ્લાહે પહેલાંથી જ કરી લીધેલી છે.

١٦- إِنَّ هَاهُنَا «وَاَشَارَ بِيَدِهٖ اِلٰى صَدْرِهٖ» لَعِلْمًا جَمًّا، لَوْ اَصَبْتُ لَهُ حَمَلَةً، بَلٰى اُصِيْبُ لَقِنًا غَيْرَ مَاْمُوْنٍ عَلَيْهِ، مُسْتَعْمِلًا اٰلَةَ الدِّيْنِ لِلدُّنْيَا، اَوْ مُسْتَظْهِرًا بِنِعَمِ اللهِ عَلٰى عِبَادِهٖ، وَبِحُجَجِهٖ عَلٰى اَوْلِيَآئِهٖ، اَوْ مُنْقَادًا لِحَمَلَةِ الْحَقِّ، لَا بَصِيْرَةَ لَهُ فِيْ اَحْنَآئِهٖ، يَنْقَدِحُ الشَّكُّ فِيْ قَلْبِهٖ لِاَوَّلِ عَارِضٍ مِّنْ شُبْهَةٍ

૧૬. ખરેખર, અહીં (પોતાની છાતી તરફ ઈશારો કરીને) ઘણું જ ઇલ્મ છે; કાશ, મને એવું કોઈ મળતું કે જે આ ખજાનો સહન કરી શકે. હા, મને કેટલાક એવા દેખાય છે કે જે આ ઇલ્મને સમજી શકે, પરંતુ તે લોકો વિશ્વાસપાત્ર નથી અને આ ખજાનાનો દુન્યવી લાભ હાસિલ કરવા દુરુપયોગ કરી શકે છે અને લોકો ઉપર સત્તા જમાવવા પ્રયત્નો કરશે. મને કોઈ એવો દેખાય કે જે હકપરસ્તની વાત પર અમલ કરે, તો જોઉં છું કે તેનામાં બસીરત કે અક્લ નથી, અને તે નાની અમથી બાબતને કારણે પણ શંકાશીલ રહે છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહ્‌જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

## છેલ્લો બુધવાર

એક પ્રશ્નકર્તાના સવાલ પર હઝરત ઈમામ અલી (અ.)એ દરેક મહીનાના છેલ્લા બુધવારની નિંદા કરતાં કેટલાક પ્રસંગો વર્ણવ્યા, જે મહીનાના છેલ્લા બુધવારે બન્યા હતા.

(૧) છેલ્લા બુધવારે કાબીલે પોતાના ભાઈ હાબીલ (અ.)ને કતલ કર્યા હતા.

(૨) એ દિવસે ઈબ્રાહીમ (અ.)ને આગમાં નાખવામાં આવ્યા હતા.

(૩) એ દિવસે ઈબ્રાહીમ (અ.)ને આગમાં નાખવા માટે ગોફણ બનાવવામાં આવી હતી.

(૪) એ દિવસે અલ્લાહે ફિરઓનને ગર્ક કર્યો હતો. (પાણીમાં ડુબાડી દીધો હતો.)

(૫) એ દિવસે અલ્લાહે લૂત (અ.)ની કોમની જમીનને ઉથલાવી દીધી હતી.

(૬) એ દિવસે અલ્લાહે આદની કોમની તરફ આંધીનો અઝાબ મોકલ્યો હતો.

(૭) એ દિવસે તે (બગીચો) એવો થઈ ગયો હતો જાણે કે તેનાં ફળ તોડી લેવામાં આવ્યાં હોય.[1]

(૮) એ દિવસે અલ્લાહે નમરૂદ પર જીવાતનો ઉપદ્રવ મોકલ્યો હતો.

(૯) એ દિવસે ફિરઓને મૂસા (અ.)ને કતલ કરવાનો ઈરાદો કર્યો હતો.

(૧૦) એ દિવસે તેમના પર છત પડી ગઈ હતી.[2]

(૧૧) એ દિવસે ફિરઓને ગુલામોને (બાળકોને) ઝિબ્હ કરવાનો હુકમ આપ્યો હતો.

(૧૨) એ દિવસે બૈતુલ મુકદ્દસને નીચે પાડી દેવામાં આવ્યું હતું.

(૧૩) એ દિવસે સુલયમાન ઈબ્ને દાવૂદ (અ.)ની મસ્જિદને તથા ફારસ મુલ્કમાં ઈસ્તખ્રને આગ લગાવવામાં આવી હતી.

(૧૪) એ દિવસે યહ્યા ઈબ્ને ઝકરીયા (અ.)ને

1 ઈસ્તેફાદા અઝ સૂરા કલમ, આયત–૨૦

2 ઈસ્તેફાદા અઝ સૂરા નહ્લ, આયત–૨૬

કતલ કરવામાં આવ્યા હતા.

(૧૫) એ દિવસે ફિરઓનની કોમ ઉપર પહેલો અઝાબ નાઝિલ થયો હતો.

(૧૬) એ દિવસે અલ્લાહે કારૂનને જમીનમાં ધસાવી દીધો હતો.

(૧૭) એ દિવસે અલ્લાહે અય્યૂબ (અ.)ને તેમના માલ અને ઓલાદની દૂરીમાં સપડાવી દીધા હતા.

(૧૮) એ દિવસે યૂસુફ (અ.)ને કેદખાનામાં નાખવામાં આવ્યા હતા.

(૧૯) એ દિવસે અલ્લાહે ફરમાવ્યું: أَنَّا دَمَّرْنَاهُمْ وَقَوْمَهُمْ أَجْمَعِينَ *(અમે તેમને અને તેમની આખી કોમને બરબાદ કરી દીધી.)* [1]

(૨૦) એ દિવસે એક ચીસે તેમને પકડી લીધા.

(૨૧) એ દિવસે તેમણે સાલેહ (અ.)ની ઊંટડીના પગ કાપી નાખ્યા.

(૨૨) એ દિવસે ચાંચથી તેમના પર કાંકરીઓ નાખવામાં આવી.

(૨૩) એ દિવસે નબી (સ.)ના દાંત મુબારક શહીદ થયા અને નબી (સ.) ઘાયલ થયા.

(કિતાબ અલ–ખિસાલ)

## આસમાનોના રંગ

એક શામીએ હઝરત અલી (અ.)ને સવાલ કર્યો કે, "આસમાનોનાં નામ અને રંગ શું છે?" તો આપ (અ.)એ જવાબ આપ્યો કે,

"(૧) આ દુનિયાના પહેલા આસમાનનું નામ 'રફીઅ' છે. તે પાણી અને ધુમાડાથી (બનેલું) છે.

(૨) બીજા આસમાનનું નામ 'ફૈદૂમ' છે, અને તેનો રંગ તામ્રવર્ણો છે.

(૩) ત્રીજા આસમાનનું નામ 'અલ–માદૂમ' છે, તેનો રંગ તેના જેવો જ છે.

(૪) ચોથા આસમાનનું નામ 'અરકલૂન' છે, તેનો રંગ ચાંદી જેવો છે.

(૫) પાંચમા આસમાનનું નામ 'હૈફહૂફ' છે, તેનો રંગ સોના જેવો છે.

(૬) છઠ્ઠા આસમાનનું નામ 'અરદસ' છે. તેનો રંગ લીલો યાકૂતી છે.

(૭) સાતમા આસમાનનું નામ 'અજમા' છે. તે મુનવ્વર (પ્રકાશિત) સૂર્યના રંગ પર છે."

(કિતાબ અલ–ખિસાલ)

## હઝરત ઉમરના કેટલાક સવાલો

એક વખત હઝરત ઉમરે હઝરત અમીરુલ મોમિનીન (અ.)ને પૂછ્યું કે, "અય અબુલ હસન! હું રસૂલલ્લાહ(સ.)ને કેટલીક વાતો પૂછવા માગતો હતો, પરંતુ પૂછી શકયો નથી. જો આપ તેના જવાબો આપતા હો, તો પૂછું."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું કે, "જે ઈચ્છતા હો તે પૂછી લો."

**હઝરત ઉમર:** કયારેક માણસ સપનામાં જુએ છે કે કોઈ ચીજ હાથમાં હતી, અને જ્યારે જાગે છે તો કશું જ નથી હોતું. ઘણી વાર સપનાં બિલકુલ

1 સૂરા નમ્લ, આયત–૫૧

ખોટાં સાબિત થાય છે. ક્યારેક સપનામાં કોઈને દોસ્ત જુએ છે, તો કોઈને દુશ્મન. જો કે, તેમની વચ્ચે ઓળખાણ પણ નથી હોતી. અને ઘણી વાર કોઈ ચીજને મુદ્દત સુધી જુએ છે, અને સાંભળે છે, પણ જરૂરતના વખતે ભૂલી જાય છે, અને પછી વગર જરૂરતે યાદ આવી જાય છે, આખરે આનું કારણ શું છે?

**હઝરત અલી (અ.):** જે કંઈ માણસ સપનામાં જુએ છે, તેનું રહસ્ય આ આયત મુજબ છે:

اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا ۚ فَيُمْسِكُ الَّتِيْ قَضٰى عَلَيْهَا الْمَوْتَ وَيُرْسِلُ الْاُخْرٰۤى اِلٰۤى اَجَلٍ مُّسَمًّى ؕ

*(અલ્લાહ પ્રાણોને તેમના મૃત્યુ સમયે હરી લે છે, અને જે પ્રાણો (હજી) મરણ પામ્યા નથી, તેમના પ્રાણ ઊંઘતી વખતે (હરી લે છે), પછી જેમના મૃત્યુનો ફેંસલો કરી ચૂક્યો છે, તેમને રોકી રાખે છે, અને બીજાઓને એક ઠરાવેલા સમય સુધી (તેમના ખોળિયામાં) પાછા ફેરવી દે છે.)* [1]

એટલે કે, જે માણસ ઊંઘે છે તેના પર મોતનો આભાસ જરૂર હોય છે. અને જ્યારે તેની રૂહ શરીરથી વિખૂટી હોય, ત્યારે તે સપનામાં જે કાંઈ જુએ છે, તે આલમે મલકૂતમાંથી હોય છે, અને તે 'રહમાની સપનું' છે. અને જ્યારે રૂહ શરીર સાથે જોડાયેલી હોય, ત્યારે જે દૃષ્ટિગોચર થાય તે 'શયતાની સપનું' છે.

1 સૂરા ઝુમર, આયત–૪૨

બીજું એ કે કોઈ અજનબીને દોસ્ત કે દુશ્મનની શકલમાં જોવા પાછળનું કારણ એ છે કે હક તઆલાએ રૂહોને શરીર કરતાં બે હજાર સાલે ઉલૂહિયત પહેલાં પેદા કરી. (સાલે ઉલૂહિયતનો એક દિવસ પચાસ હજાર વર્ષનો હોય છે). અને તેમનું ઠેકાણું હવામાં મુકર્રર કર્યું. જ્યાં તેઓ એકબીજાને મળતા રહેતા હતા. જેમણે તે દિવસે એકબીજાને ઓળખી લીધા, તેમની વચ્ચે ઉલ્ફત હોય છે, અને જેમણે ઓળખાણ ન કરી તેમની વચ્ચે બુગ્ઝ અને દુશ્મની હોય છે.

ત્રીજું એ કે એક ચીજ જે વર્ષો સુધી જોઈ અને સાંભળી હોય અને જરૂરતના વખતે અચાનક વિસરાઈ જાય, તેનું કારણ એ છે કે દરેક દિલની આસપાસ ચાંદની જેમ એક 'હાલા' (વલય) હોય છે. જ્યારે તે દિલને ઘેરી લે છે, તો માણસ બધું ભૂલી જાય છે, અને જ્યારે તે દૂર થાય છે, તો ભુલાયેલી વાત યાદ આવી જાય છે.

## મસ્જિદે કૂફાની ફઝીલત અને ખાસિયતો

એક દિવસ મસ્જિદે કૂફામાં એક વ્યક્તિએ હઝરત અલી (અ.)ને કહ્યું કે, "હું ઈચ્છું છું કે બૈતુલ મુકદ્દસ જઈને ઈબાદતમાં મશગૂલ રહું, અને બાકીની જિંદગી શાંતિથી ત્યાં જ પસાર કરું." આપ (અ.)એ ફરમાવ્યું કે, "જે ભાથું તેં તૈયાર કરી રાખ્યું છે, તેને ખાઈ લે, અને સવારીને વેચી દઈને આ મસ્જિદમાં જ નિવાસ કર. આ મસ્જિદ દુનિયાની ચાર સર્વશ્રેષ્ઠ મસ્જિદોમાંથી એક છે.

અહીં બે રકાત નમાઝ અદા કરવામાં આવે, તો બીજી મસ્જિદોની દસ રકાતો કરતાં અફઝલ છે. તેના ફઝાએલની એક ફઝીલત એ છે કે તૂફાને નૂહ (અ.)ના સમયે જે તન્નૂરમાંથી સૌથી પહેલાં પાણી જોશ મારીને નીકળ્યું હતું, તે આ મસ્જિદના એક ખૂણામાં આવેલ છે, અને તે જગ્યાએ પાંચમો સુતૂન આવેલો છે. ઈબ્રાહીમ (અ.), નૂહ (અ.) અને ઈદરીસ (અ.)એ અહીં નમાઝ પઢી હતી. હઝરત મૂસા (અ.)નો અસા એક મુદ્દત સુધી અહીં રહ્યો છે. યગૂસ અને યઊક બુત અહીં તોડવામાં આવ્યાં હતાં. કયામતના દિવસે કેટલીય હજાર મખ્લૂક અહીંથી ઉઠાડવામાં આવશે, જેનો કોઈ હિસાબ કે અઝાબ નહીં હોય. આ મસ્જિદના સહનમાં જન્નતનો એક બગીચો હશે, અને આખરી જમાનામાં અહીંથી ત્રણ ઝરણાં પ્રગટ થશે: એક સ્વચ્છ પાણીનું, બીજું દૂધનું અને ત્રીજું ઘીનું. આની જમણી તરફ ઝિક્ર છે, અને ડાબી તરફ ફિક્ર (ચિંતન)."

(તારીખે અઅસમ કૂફી, કૌકબે દુર્રી)

## ગતાંકમાં સુધારો

જુલાઈ–૨૦૨૬ના વ્યક્તિવિશેષ લેખમાં હઝરત ફાતેમા બિન્તે અસદ (અ.)ના બદલે હઝરત ફાતેમા બિન્તે હિઝામ (અ.) (ઉમ્મુલ બનીન) વાંચવું.


MODERN
XEROX & STATIONARY

સ્ટેશનરી આઈટમ

| | | | |
|---|---|---|---|
| નોટબુક | હાઇલાઇટર્સ | સ્ટેપલર | જ્યોમેટ્રી બોક્સ |
| ડાયરીઝ | રુલર | લિફાફા | પેન્સિલ |
| રાઇટીંગ પેડ્સ | રબર | પેન | ફાઇલો |
| પેપર કિલિપ્સ | પ્રિન્ટર પેપર | ગ્લૂ સ્ટિક્સ | શાર્પનર્સ |
| કેલેન્ડર | સ્ટિકી નોટ્સ | કોલ્ડર્સ | માર્કર્સ |

અમારે ત્યાં સ્ટેશનરી, સ્કુલ બેગ અને સ્પોર્ટ્સને લગતી તમામ વસ્તુઓ મળશે.

સ્પોર્ટ્સ આઈટમ

| | |
|---|---|
| ફૂટબોલ | બૅડમિન્ટન રેકેટ |
| ક્રિકેટ બેટ | બાસ્કેટબૉલ |
| ટેનિસ રેકેટ | વોલીબૉલ |

Mo. +91 70463 01009

G-69, Tirupati Market, S.T. Road, Sidhpur - 384151





હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક઼્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૮૮**

**તબ શહઝાદે હો અસવાર, બેગે રે સિધારે,**
**સો અસવાર ચઢીએ, કાજ ભતીજા પ્યારે.**

*ત્યારે ઈમામ હુસૈન (અ.) ઘોડા ઉપર સવાર થઈને જલ્દીથી આવ્યા, કેમ કે તેમને તેમના ભત્રીજા ઘણા પ્યારા હતા.*

**અને ઉચકને ઘોડા, ઉસ ફોજમાં ડલાયા,**
**ડાલ ઘોડા સબ લશ્કર, બેર રે ડલાયા.**

*અને ઈમામ હુસૈન (અ.)એ ઘોડોને કૂદાવીને તે લશ્કરમાં નાખ્યો, અને ઘોડાને નાખીને આખા લશ્કરને વેરવિખેર કરી નાખ્યું.*

**એ લોહીને ખાકમાં, ગિરે સૈયદ રે પાએ,**
**અને દુશ્મન પાસથી, સબ દૂર રે કરાએ.**

*તે સમયે લોહી અને માટીમાં જનાબે કાસિમ (અ.) પડેલા જોવા મળ્યા, અને તેમની પાસેથી દુશ્મનોને દૂર કર્યા.*

**દેખા દુશ્મન ઠાડા, શીશકે ઠામાં,**
**જે શીસ બિન સા'દ, કહીએ રે નામાં.**

*ઈમામ હુસૈન (અ.)એ જોયું કે જનાબે કાસિમ (અ.)ના સિરહાને દુશ્મન ઊભો છે, જેનું નામ શીસ બિન સા'દ હતું.*

**ઉને ચાહ્યા કે મુબારક, સર જુદા રે કરાવે,**
**એતે શહઝાદે જાકર, પોંહચે રે સુણાવે.**

*એણે વિચાર્યું કે જનાબે કાસિમ (અ.)નું સરમુબારક કાપીને અલગ કરી દઉં, પરંતુ એટલામાં ઈમામ હુસૈન (અ.) ત્યાં પહોંચી ગયા.*

**માર કમ્મરમાં દો ભાગ, ઉસકે કિતે,**
**અને કાસિમકું રણથી, ઉચકને લિતે.**

*ઈમામ હુસૈન (અ.)એ તેની કમ્મરમાં તલવારનો ઘા કરીને તેના બે ટુકડા કરી નાખ્યા, અને જનાબે કાસિમ (અ.)ને રણમેદાનમાંથી ઉપાડી લીધા.*

**યું લેકર શહઝાદે, ડેરેમાં આએ,**
**અને ગોદમાં શીશ લે, આપ બેઠે રે સુણાએ.**

*આવી રીતે જનાબે કાસિમ (અ.)ને લઈને*

*ઈમામ હુસૈન (અ.) ખૈમામાં આવ્યા, અને ખોળામાં તેમનું માથું લઈને બેસી ગયા, એવું સાંભળ્યું છે.*

**મુંહ આપસકા ઉનુંકે, મુંહ સામી રે કિતા,**
**અને દુઆ ખેર ઉનુંકે હકમાં, માંગી રે સુણિતા.**

*ઈમામ હુસૈન (અ.)એ પોતાનું મોઢું તેમના મોઢાની સામે કર્યું, અને તેમના હકમાં ભલાઈની દુઆ માગી, એવું સાંભળ્યું છે.*

**અને માતા ભી સૈયદકી, ભી ખાતૂન રે કહીએ,**
**એ ઠાડે થે રુધન, કરતે રે લહીએ.**

*અને જનાબે કાસિમ (અ.)નાં મા પણ, અને તેમનાં જે બીવી હતાં તે પણ, ઊભાં ઊભાં રડી રહ્યાં હતાં.*

**તબ કાસિમને અનુંકું, દેખ ખોલે રે નેનાં,**
**અને તબસ્સુમ કરને, જીવ દિયા એ મેનાં.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)એ તેમને જોઈને આંખો ખોલી દીધી, અને મુસ્કુરાઈને પોતાનો જીવ કુરબાન કરી દીધો.*

**તબ સારે રે ખૈમેમાં, શોર રે પડીયા,**
**યું સબુંને રુધન, બોત દેખતે કરીયા.**

*ત્યારે બધા જ ખૈમાઓમાં રોવાનો અવાજ થવા લાગ્યો, અને આવું જોઈને તેમણે બધાએ ખૂબ જ રુદન કર્યું.*

**માતા રોવે કે'વે કાસિમ, ખોલ દેખ મુજે નેનાં,**
**એ સુન સુન મોમિનો, રાખા દિલ મેનાં.**

*જનાબે કાસિમ (અ.)ની મા રડતાં રડતાં કહેતાં હતાં કે, અય બેટા કાસિમ! તમારી આંખો ખોલીને મને જુઓ. આ સાંભળીને મોમિનોએ દિલમાં રાખ્યું.*

**રેતૂહી**

**માતા કે'વે વાય કાસિમા,**
**કાં દેખું અબ નેન રે, કાં દેખું અબ નેન;**
**હૈયા નાંહીં ફાટતા,**
**અજબ એ સુનતે બેન રે, અજબ એ સુનતે બેન.**

*જનાબે કાસિમ (અ.)નાં મા કહેતાં હતાં કે, હાય અફસોસ! મારા કાસિમ! હવે હું તને કઈ જગ્યાએ જોઉં? આવા નવાઈભર્યા દુઃખના શબ્દો સાંભળીને હૃદય કેમ ફાટી જતું નથી?*

**બયાન નં.૨૮૯**

**ભાષા - બરહા**

**માતા કે'વે વાય કાસિમા, નેનાં તો ખોલ મુજે દેખ રે,**
**કાસિમ તો બોલે નાંહીં, પોંચા એ હાલ ક્યા લેખ રે.**

*જનાબે કાસિમ (અ.)નાં મા કહેતાં હતાં કે હાય અફસોસ, મારા કાસિમ! તમારી આંખો ખોલીને મને જુઓ તો ખરા! જ્યારે જનાબે કાસિમ (અ.) કંઈ બોલ્યા નહીં, તો માએ કહ્યું કે, અય બેટા! તમે કઈ સ્થિતિમાં પહોંચી ગયા?*

**વાય નૂરદીદ મેરે રે, દેખું કાં ફિર તુજે નેન રે,**
**રુધન કરે માતા સહી, કે કે તો એસે બયાન રે.**

*હાય અફસોસ! અય મારી આંખોની રોશની! હું ફરીથી તમને મારી આંખોથી ક્યાં જોઈશ? જનાબે કાસિમ (અ.)નાં મા આવા દુઃખના શબ્દો કહી કહીને રડી રહ્યાં છે.*

**ખાતૂન ભી રોવે ઘણાં, તરાશે નાંહીં અજબ હૈયા રે,**
**કાસિમ કેરે લોહીસું, નેનુંમાં લે સુરમા કિયા રે.**

*તેમની બીવી પણ ખૂબ જ રડતાં હતાં, આવું જોઈને અજબ નથી કે દિલ પણ ચીરાઈ જાય, જનાબે કાસિમ (અ.)નું લોહી લઈને તેમની બીવીએ આંખોમાં સુરમો કર્યો.*

**લોહી લગાવે મોંહાકું, ખાતૂન રોવે નેન રે,**
**બરહા દિયા ઉનું તનમાં, કહે ફિરાકકે બયાન રે.**

*તેમનાં બીવી મોઢા ઉપર લોહી લગાવતાં હતાં, અને આંખોમાંથી આંસુ વહાવતાં હતાં, અને અફસોસ કરીને કહેતાં હતાં કે મારા શરીરમાં જુદાઈનું દુઃખ આપતા ગયા.*

**માતા તો કે'વે તું બોલ રે, કાસિમ કર મુજે બાત રે,**
**વાય તો દીદ નૂરકે, વાય તો તેરી ઝાત રે.**

*જનાબે કાસિમ (અ.)નાં મા કહેતાં હતાં કે અય બેટા કાસિમ! તમે બોલો અને મારાથી વાતો કરો, હાય અફસોસ! અય મારી આંખોની રોશની! હાય અફસોસ! આ તમારું શરીર કેવું છે?*

**નેનાં તો કાસિમ ખોલને, બોલે બોલે મીઠા બોલ રે,**
**વાય તું દીદ નૂરકે, જીવ નાંહીં તેરે તોલ રે.**

*અય કાસિમ! આંખો ખોલીને મારાથી મીઠી મીઠી વાતો કરો, હાય અફસોસ! તું તો મારી આંખોની રોશની છે! આ મારો જીવ તારા તોલે નથી આવી શકતો!*

**વિલાપ યું માતા કરે, ખાતૂન ભી રોવે સહી રે,**
**બિછરાન લિતે દુઃખસું, બેરાગ બયાન કે'વે સહી રે.**

*આવી રીતે જનાબે કાસિમ (અ.)નાં મા વિલાપ કરતાં હતાં, અને તેમનાં બીવી પણ રોતાં હતાં, જુદાઈના કારણે દુઃખથી આવી ગમની પંક્તિઓ કહી રહ્યાં હતાં.*

**પંખી ભી સુનો ઉડતાં રોવે, રધન સુન આપ કાન રે,**
**અજબનાંહીંકિથરથરી, ધરતીભીઆસમાનમાનરે.**

*આકાશમાં ઊડતાં પક્ષીઓ પણ પોતાના કાને આ રડવાનો અવાજ સાંભળીને રડતાં હતાં, અને જાણી લો કે નવાઈની વાત નથી કે આ સાંભળીને જમીન અને આસમાન પણ ધ્રુજ્યાં હોય.*

**નાને તો બાલે ટલવલે, તરસે ના પાવે નીર રે,**
**હોઠ સુકે તન દાઝે, દુઃખ સેવે શરીર રે.**

*નાનાં નાનાં બાળકો ટળવળી રહ્યાં હતાં, છતાં પણ પાણી મળી શકતું ન હતું. તેમના હોઠ પણ સૂકાઈ ગયા હતા, અને શરીર પણ તાપથી બળી રહ્યાં હતાં, આવાં દુઃખો શરીર સહન કરી રહ્યાં હતાં.*

**ચાવે સોહી આપ કરે, એસા સુરીજન હાર રે,**
**મીતકું દુની દુઃખ દેકર, અંતે હેં કરતા પ્યાર રે.**

*આપણો સર્જનહાર અલ્લાહ તઆલા જે ઈચ્છે તે કરવાવાળો છે, પોતાના દોસ્તોને દુનિયામાં તકલીફ આપીને છેવટે તો તેમનાથી મોહબ્બત કરે જ છે.*

**સુન સુન ભાઈ દીનકે, ઠામ નાંહીં ગુમાન રે,**
**દુનીયાં કા અવલા રંગ હેં, રબ પીત સેતી માન રે.**

*સાંભળ, અય દીનના ભાઈ! આ અભિમાન કરવાની જગ્યા નથી, આ દુનિયાની રીતભાત અવળી છે, તું પરવરદિગારથી મોહબ્બત કરીને આ માની લે.*


KFB Milcano™
भारत का अपना टेस्ट
મિલ્કેનો ડેરી
એટલે...
મધુર સ્વાદ ની
ઓળખ
અમારી પ્રોડક્ટ્સ
દૂધ, દહીં, છાશ, બટર, પનીર, લસ્સી, કોફી, ક્રીમ, શુદ્ધ ઘી,
ગાયનું ઘી, ચીઝ, શ્રીખંડ, માયોનીઝ, ચોકલેટ અને આઈસ્ક્રીમ
KAUSERY FOOD N BEVERAGES PVT. LTD.
Survey No. 116, Village-Sadikpur, Ta-Kheralu, Mehsana, Gujarat-384325.
Mo: +91 76005 09129 | For Orders: +91 72270 78564 / 65
વ્યાપારી પૂછપરછ આવકાર્ય

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૨૦ (ગતાંકનું ચાલુ) مرثیہ-۲۰

**યઝીદની પત્ની હિન્દનું કેદખાનામાં આવીને અસીરાને અહલેબૈત (અ.)ની ખરાબ હાલત પર રડવું**

**زوجۂ یزید ہند کا قید خانے میں آکر اسیرانِ اہلِ بیتؑ کی حالتِ زار پر اشکبار ہونا**

سنتی ہوں ننھے بچے بھی دو چار ہیں اسیر — لڑکی بھی کوئی قید ہے رشکِ مہ منیر
۱۵ روونے سے اس کے لگتے ہیں میرے جگر پہ تیر — کیا قہر ہے، یہ ظلم غریبوں پہ اے امیر
دکھ دے کسی کو یہ نہیں عادت کریم کی
قرآں میں حق نے کی ہے سفارش یتیم کی

((હિન્દે કહ્યું કે,) "સાંભળ્યું છે કે બે–ચાર નાનાં બાળકો પણ કેદી છે. ચમકતા ચાંદને શરમાવે તેવી કોઈ બાળકી પણ કેદમાં છે. તેના રડવાથી મારા કાળજા પર તીર વાગે છે. અય અમીર! પરદેશીઓ પર આવો જુલ્મ! આ તો કેવો કેર છે! કોઈને દુ:ખ દેવું એ કોઈ મહેરબાન માણસની આદત નથી. કુરઆનમાં પણ અલ્લાહે યતીમની સિફારિશ કરી છે.)

اے سست رائے قلب کو اتنا بھی کر نہ سخت — عقبیٰ میں روسیاہ ہُوا اور سیاہ بخت
۱۶ رہتے ہیں سر جھکائے ہوئے بارور درخت — ڈر ہے مجھے کہیں نہ اُلٹ جائے تیرا تخت
حاکم کو خوف چاہیے قہرِ الٰہ سے
اکثر گری ہے برق یتیموں کی آہ سے

(અય મંદબુદ્ધિ! દિલને એટલું બધું કઠોર પણ ન કર. તું આખેરતમાં બેઈજ્જત અને બદબખ્ત બન્યો.

ફળદાયી વૃક્ષ હંમેશાં ઝૂકેલાં રહે છે. મને ડર છે કે કયાંક તારી હુકૂમત તબાહ ન થઈ જાય. હાકિમને હંમેશાં અલ્લાહના કેરથી ખોફ હોવો જોઈએ, કારણ કે ઘણી વખત યતીમોની આહથી મુસીબતો આવી પડી છે.)

کرتے ہیں لطف و رحم فقیروں پہ اغنیا　　عقبٰی میں کام آتا ہے یاں کا لیا دیا

۱۷ خالق نے اپنے ملک کا حاکم تجھے کیا　　جُز نامِ نیک کون جہاں میں سدا جیا

زنداں میں قیدیوں کا بہت حال غیر ہے

کچھ خیر کر کہ خیر سے عقبٰی بخیر ہے

(જે સમૃદ્ધ લોકો હોય છે તેઓ જરૂરિયાતમંદો પર મહેરબાની અને રહેમ કરે છે. દુનિયામાં કરેલાં નેક કામો આખેરતમાં કામ આવે છે. અલ્લાહે તને પોતાના મુલ્કનો હાકિમ બનાવ્યો છે. (માટે યાદ રાખ કે) શું નેકનામ સિવાય કોણ આ દુનિયામાં હંમેશ માટે જીવિત રહ્યું છે! કેદખાનામાં કેદીઓનો ખૂબ જ કષ્ટદાયક હાલ છે, માટે કંઈક ભલાઈ કર, કે ભલાઈ કરવાથી આખેરત સુધરી જાય છે.)

قاروں کا گنج او ستم ایجاد کیا ہوا　　نمرود کس طرف گیا شدّاد کیا ہوا

۱۸ تھا جو شریر بانیِ بیداد کیا ہوا　　فرعون بدنہاد سا جلاد کیا ہوا

وہ قبر میں ہیں آج جو کل تھے رواق میں

ڈھونڈو تو خاک بھی نہیں کسرٰی کے طاق میں

(અય અવનવા જુલ્મ આચરનારા! (જરા વિચાર કે) કારૂનના (અપાર) ભંડારનું શું થયું? નમરૂદ કયાં ગયો? અને શદ્દાદનું શું થયું? જે દુષ્ટ જુલ્મનો પ્રણેતા હતો તેનો કેવો હાલ થયો? ફિરઓન જેવા દુષ્ટ–સ્વભાવી જલ્લાદનું શું થયું? કાલે જે મહેલોમાં હતા તેઓ આજે કબ્રમાં (દફન) છે. શોધવા જઈએ તો કિસ્રાના મહેલમાં ધૂળ સુધ્ધાં (જોવા મળતી) નથી.)

گرمی کی فصل اور یہ مکاں تنگ ہائے ہائے　　اب رحم کر ارے کوئی معصوم مر نہ جائے

۱۹ فاقے سے ہوں وہ قید میں اور نعمتیں تو کھائے　　پانی تو پیاس میں کوئی جا کر انہیں پلائے

دل سے بھلا نہ وعدۂ روزِ نخست کو
بیمار کو دوا نہ غذا تندرست کو

(હાય હાય! ગરમીની મોસમ ને આ સાંકડું કેદખાનું! હવે તો રહેમ કર, કે અરે (ક્યાંક) કોઈ માઅસૂમ મરી ન જાય! તેઓ કેદમાં ફાકા સહે અને તું લિજ્જતદાર ભોજન માણે! (ઓછામાં ઓછું) કોઈ જઈને તેમને તરસમાં પાણી તો પિવડાવે! રોઝે અઝલના વાયદાને તું દિલમાંથી વિસારી ન દે! (એટલા માટે કે) ન તું બીમારને દવા આપે છે કે ન તો તંદુરસ્તને ખોરાક.)

کھانے کو میں نہ ہاتھ لگاؤں گی کیسی بھوک — اٹھتی ہے بار بار کلیجے میں میرے ہوک
٢٠ ان کے بغیر مجھ کو یہ کھانا ہے مثل خوک — یہ بیکسوں پہ ظلم غریبوں سے یہ سلوک
خوش ہو گا حق دلوں کو یتیموں کے شاد کر
کیا رحم تھا کرم کو محمدؐ کے یاد کر

((તો હવે) હું (પણ) ખોરાકને હાથ નહીં લગાવું, (કેમ કે) હવે શેની ભૂખ? મારા કલેજામાં વારે ઘડીએ (તીવ્ર) પીડા ઉદ્‌ભવે છે. તેમના વગર મને આ ખોરાક સુવ્વર જેવો (હરામ) લાગે છે. લાચાર લોકો ઉપર આવો જુલ્મ! પરદેશીઓ સાથે આવો વ્યવહાર! તું યતીમોનાં દિલોને ખુશ કર, તો હક તઆલા (તારાથી) ખુશ થશે. મોહંમદ (સ.)નો કેવો રહમો–કરમ હતો તે યાદ કર.)

کافر کے گھر کو بھی کبھی لوٹا نہ بعد جنگ — چادر گلے میں ڈال کے کھینچا ہوئے یہ تنگ
٢١ جو ہاتھ آیا دے دیا سائل کو بے درنگ — عسرت یہ تھی کہ فاقوں میں باندھا شکم پہ سنگ
اس بادشاہِ دیں کو نہ کچھ فکر اور تھی
رانڈوں کی پرورش تھی یتیموں کی غور تھی

(આપ (સ.)એ જંગ પછી કાફિરના ઘરને પણ ક્યારેય લૂંટ્યું નથી, પરંતુ મોહબ્બતથી તેને ચાદર ઓઢાડી, અને પોતે કષ્ટ વેઠ્યું. જરાય ઢીલ કર્યા વગર જે કંઈ પોતાનું હતું તે માગનારને આપી દીધું. આપ (સ.)ની તંગદસ્તી એવી હતી કે ફાકાઓમાં પેટે પત્થર બાંધ્યા હતા. દીનના એ બાદશાહને બીજી કોઈ ચિંતા ન હતી, પરંતુ આપ (સ.)ને તો બસ બેવાઓની દેખભાળ અને યતીમોની સંભાળની જ ચિંતા હતી.")

# Hotel 365

## હોટેલ અને રેસ્ટોરન્ટ માલિકો માટે બનાવેલ એક પાવરફુલ All-in-One સોફ્ટવેર છે

**જે તમારી હોટેલની તમામ દૈનિક કામગીરીને ઝડપી, સરળ અને સંપૂર્ણ રીતે ઓટોમેટ કરે છે. Hotel Front Desk,Billing, Restaurant POS, Banquet, Inventory, Accounts અને Staff Management હવે બધું જ એક જ સિસ્ટમમાં, ઓછા ખર્ચે અને વધારે કંટ્રોલ સાથે.**

- Check-In/Check-Out
- Reservations
- Food Bills
- Laundry Bills
- Mini Bar
- Miscellaneous Bill
- Housekeeping
- Expense Management
- Inquiry Management
- Reports



- Front Office Operations
- Charges | Deposits | Invoicing
- Room/Rate Management
- Profile Management
- Company/OTA Ledger
- Audit Trails
- Payment Links
- Hotel Mobile app
- User Privilege & Security Control
- WhatsApp Integration

**Hotel Management System (PMS)** | **Restaurant POS** | **Channel Manager**

**Banquet Management System** | **Token System** | **Website + Booking Engine**

**ERP Suite : Attendance | Payroll | Purchase | Inventory | Income | Expenses**

**આ સોફ્ટવેરમાં પથિક ની એન્ટ્રી આપમેળે ભરાઈ જાય છે**

- Cloud-Based & Secure
- Easy Check-In / Check-Out (Auto Guest Entry)
- Document Scan
- Mobile Friendly
- Budget Friendly




**For Demo**

Ahesanali Bhoraniya
+91 7359413187
ahesan@hotel365.io

Scan It

Hasanali Gathamaniya
+91 9724936478
hasan@hotel365.io

# سیرت ائمۂ اہلبیتؑ

# સીરતે અઇમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

## ઝાતુસ્સલાસિલની લડાઈ

ઈસ્લામને અરબ ટાપુઓમાં જે વિજયો પ્રાપ્ત થયા, તેના પછી કુફ્ર અને શિર્કનો તારો લગભગ ઓઝલ થવાના આરે જ હતો. જો અમુક અમુક જગ્યાએ શિર્ક બાકી રહી ન ગયું હોત, તો તે સંપૂર્ણપણે અદૃશ્ય થઈ જાત. કદાચ આમ એટલા માટે થયું હશે કે હઝરત અલી (અ.)ને પોતાનાં જિહાદ અને બહાદુરીનાં પરાક્રમોના ઈતિહાસમાં એક નવા પ્રકરણનો વધારો કરવાનો મોકો મળી જાય.

ઈતિહાસકારોની એક જમાઅતે જણાવ્યું છે કે અરબોની એક મોટી સંખ્યા રમલની ખીણમાં ભેગી થઈ કે જેથી ગફલતના સમયે મદીનાવાળાઓ ઉપર હુમલો કરી દે. શેખ મુફીદની કિતાબ 'અલ–ઈર્શાદ'માં આ રિવાયત આવી છે કે એક અરબે આવીને રસૂલે અકરમ (સ.)ને તેમના ભેગા થવાની જાણકારી આપી દીધી. તેથી રસૂલે અકરમ (સ.)એ હઝરત અબૂ બક્રને મુસલમાનોની એક જમાઅત સાથે તેમનો સામનો કરવા મોકલ્યા. તેથી તે તેમના વિસ્તારમાં પહોંચ્યા કે જેના રસ્તા ઘણા ખાડાટેકરાવાળા અને પથરાળ હતા. દુશ્મનો ખીણની વચ્ચે અને પર્વતોની તળેટીએ પહોંચી ગયા હતા, તેથી તેઓ મુસલમાનો ઉપર તૂટી પડ્યા અને તેમનામાંથી કેટલાક માણસોને કતલ કરી દીધા. તેથી હઝરત અબૂ બક્ર તેમના બચેલા સાથીઓ સાથે ભાગી ગયા અને મદીના પાછા આવી ગયા. હવે રસૂલે અકરમ (સ.)એ હઝરત ઉમરને મોકલ્યા, પરંતુ તેમને પણ તેમના આગળ ગયેલાઓની માફક હાર અને પીછેહઠ જ નસીબ થયાં. રિવાયતમાં છે કે તે બન્નેના પછી રસૂલે અકરમ (સ.)એ અમ્ર ઈબ્ને આસને મોકલ્યા, પરંતુ દુશ્મને તેમની સાથે પણ એવું જ કર્યું કે જે પહેલા બે સેનાપતિઓ સાથે કર્યું હતું. તે ત્રણેયની નિષ્ફળતા પછી રસૂલે અકરમ (સ.)ની પાસે બીજો કોઈ ઉપાય ન હતો, સિવાય કે હઝરત અલી (અ.)ને મોકલે, તેથી આપ (સ.)એ હઝરત અલી (અ.)ને એક જમાઅત સાથે મોકલ્યા કે જેમાં અબૂ બક્ર, ઉમર ઈબ્ને ખત્તાબ અને અમ્ર ઈબ્ને આસની સાથે સાથે મુહાજિરો અને અન્સારની એક બીજી જમાઅત પણ હતી. રસૂલે અકરમ (સ.) પોતે હઝરત અલી (અ.)ની સાથે મદીનાથી બહાર તેમને વિદાય કરવા આવ્યા

અને તેમના માટે સફળતાની દુઆ કરી.

હઝરત અલી (અ.) પોતાના સાથીઓને લઈને તે લોકો તરફ એવી રીતે રવાના થયા કે દિવસે છૂપાયેલા રહેતા અને રાત્રે મુસાફરી કરતા, એટલે સુધી કે આપ (અ.) તેમની નજીક પહોંચ્યા. રાવીઓનું કહેવું છે કે અમ્ર ઈબ્ને આસને એવું અનુમાન પણ ન હતું કે જીત હઝરત અલી (અ.) ના હાથે થશે. તેથી તેમણે અબૂ બક્રની પાસે જઈને કહ્યું કે હું હઝરત અલી (અ.)ની સરખામણીમાં આ વિસ્તારથી વધારે માહિતગાર છું. આ વિસ્તાર જંગલી જાનવરોથી ભરેલો છે. આમાં જે માંસાહારી જાનવરો છે તે આપણા માટે બની સુલૈમ અને બીજા અરબોથી પણ વધારે તીવ્ર હશે. તેથી હઝરત અલી (અ.) સાથે વાત કરો કે કદાચ તે અમને ખીણની ઊંચાઈએ રહેવા દે. હઝરત અબૂ બક્ર ગયા અને હઝરત અલી (અ.)ની સામે એવું સૂચન કર્યું, પરંતુ આપ (અ.) તેનાથી સહમત ન થયા, પરંતુ સવાર સુધી એ જ સ્થળે રોકાઈ રહ્યા અને સવાર થતાં જ પોતાના સાથીઓને લઈને દુશ્મન ઉપર તૂટી પડ્યા, જ્યારે કે તેઓ બિલકુલ ગફલતમાં હતા. તેમનામાંથી કેટલાકને કતલ કર્યા અને કેટલાકને કેદી બનાવી લીધા, એટલે સુધી કે તેમણે રક્ષણ માગી લીધું. આ રીતે હઝરત અલી (અ.)ના હાથે જીત સંપૂર્ણતાએ પહોંચી. કેટલીક રિવાયતો મુજબ રસૂલે અકરમ (સ.) ઉપર સૂરા આદિયાત એ જ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થયો. તેથી આપ (સ.)એ મુસલમાનોને ફતેહના સારા સમાચાર સંભળાવી હુક્મ આપ્યો કે હવે તેમના આગમન સમયે હઝરત અલી (અ.) અને તેમના સાથીઓનું સ્વાગત કરે. થોડાક દિવસો પછી આ લોકો હઝરત અલી (અ.) ના સ્વાગત માટે નીકળ્યા. રસૂલે અકરમ (સ.) પોતે પણ તેમની સાથે હતા. જ્યારે હઝરત અલી (અ.) એ આપ (સ.)ને આવતા જોયા, તો ઘોડા ઉપરથી નીચે ઊતરીને પગપાળા થઈ ગયા. આપ (સ.) તેમને કહેવા લાગ્યા, "સવાર થઈ જાઓ, કેમ કે અલ્લાહ અને તેના રસૂલ (સ.) બન્ને તમારાથી રાજી છે." હઝરત અલી (અ.) ખુશ થઈ ગયા અને તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં, ત્યારે રસૂલે અકરમ (સ.)એ તેમને ફરમાવ્યું, "જો મને એ ભય ન હોત કે મારી ઉમ્મતના કેટલાક લોકો તમારા વિષે એ જ વાત કહેવા લાગશે કે જે ઈસાઈઓ ઈસા (અ.)ના વિષે કહે છે, તો હું તમારા હકમાં એવી વાત કહેત કે તમે લોકોની પાસેથી પસાર થાત, તો તમારા પગોની નીચેથી માટી ઉપાડી લેત."

તબરસીની કિતાબ 'મજ્મઉલ બયાન'માં ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત છે કે રસૂલે અકરમ (સ.) ઉપર સૂરા આદિયાત તે સમયે નાઝિલ થયો કે જ્યારે આપ (સ.)એ હઝરત અલી (અ.)ને વાદીએ સલાસિલની તરફ મોકલ્યા. આપ (અ.) એ તે અરબો ઉપર વર્ચસ્વ મેળવી લીધું કે જેઓ ત્યાં મદીના ઉપર હુમલો કરવા માટે ભેગા થયા હતા. જ્યારે રસૂલે અકરમ (સ.) ઉપર આ સૂરો

નાઝિલ થયો, તો આપ (સ.) સવારની નમાઝ માટે લોકોની વચ્ચે આવ્યા અને નમાઝમાં આ જ સૂરાની તિલાવત કરી. જ્યારે આપ (સ.) નમાઝ પઢી રહ્યા, તો મુસલમાન કહેવા લાગ્યા, "આપ (સ.)એ આ સૂરો તો ક્યારેય પઢ્યો ન હતો." આપ (સ.)એ ફરમાવ્યું, "જિબ્રઈલ (અ.)એ આજે રાત્રે મને જાણ કરી છે કે હઝરત અલી (અ.) અલ્લાહના દુશ્મનો ઉપર વિજયી થઈ ગયા છે."

રાવી કહે છે કે આ જ લડાઈમાં એક હુમૈરી સરદારે તેના એક કસીદામાં હઝરત અલી (અ.)ની તારીફ કરી કે જેમાં આ પંક્તિઓ પણ છે:

સલાસિલની ખીણમાં બની સુલૈમને સવાર સવારમાં મોતે પકડી લીધા, જો કે, આના પહેલાં તે લોકોએ ઉમર ઈબ્ને ખત્તાબ, અમ્ર ઈબ્ને આસ અને તેમના સાથી અબૂ બક્રને હરાવી દીધા હતા અને તેમના પર વર્ચસ્વ પામી લીધું હતું. ત્યારે તેમણે અન્સારમાંથી એક જમાઅતને કતલ કરી નાખી હતી. પછી તેમની ઉપર એવી તબાહી આવી પડી કે જે આવવાની જ હતી.

કેટલાક ઈતિહાસકારો અને રાવીઓએ હઝરત અલી (અ.)ની વાતમાં તયની લડાઈને પણ હઝરત અલી (અ.)થી જોડી છે. તય કબીલો શિર્કને વળગી રહ્યો અને પોતાના કિલ્લાઓમાં સુરક્ષિત થઈ ગયો હતો. આ કબીલો પોતાની જગ્યાએ એક બુતની પૂજા કરતો હતો કે જેને ફલ્સર કહેતા હતા. રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને મુસલમાનોની એક જમાઅતની સાથે તે કબીલાની તરફ મોકલ્યા. જ્યારે હઝરત અલી (અ.) તયના મદદગાર કબીલાઓ પાસે પહોંચ્યા, તો દુશ્મન પોતે જ તેમની તરફ આવ્યા. હઝરત અલી (અ.) એ પોતાના સાથીઓની સાથે તેમના ઉપર તીવ્ર હુમલો કર્યો કે જે કેટલાક કલાકો સુધી ચાલ્યો. તેથી તેમનામાંથી થોડાક તો મરી ગયા અને જે બચી ગયા, તેમણે ભાગી જવાનો વિકલ્પ અપનાવ્યો. તેથી હઝરત અલી (અ.)એ તેમનાં જાનવરો અને તેમની માલમિલ્કત ઉપર કબજો કરી લીધો. જે સ્ત્રીઓ મળી તેમને કેદી બનાવી. તેમનામાં હાતિમતાઈની બેટી સફ્ફાના પણ હતી. તેનો ભાઈ અદી હિજાઝની બહાર ભાગી ગયો. તેથી હઝરત અલી (અ.) માલે ગનીમત અને કેદીઓને લઈને મદીના પાછા આવી ગયા.

ઈબ્ને સઅદે પોતાની કિતાબ 'અત્તબકાતુલ કુબરા'માં જણાવ્યું છે કે રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને લડાઈ માટે બે વાર યમન મોકલ્યા. પહેલી વાર હિજરતના આઠમા વર્ષે હમદાન તરફ કે જ્યાં તેના પહેલાં રસૂલે અકરમ (સ.)એ ખાલિદ ઈબ્ને વલીદને મોકલ્યા હતા, પરંતુ તે કંઈ મેળવ્યા વિના પાછા આવી ગયા હતા. ત્યારે આપ (સ.)એ હઝરત અલી (અ.)ને તેમની તરફ મોકલ્યા. તેમણે બની હમદાનને ઈસ્લામની દાવત આપી અને તેમની સાથે ઈસ્લામ વિષે સુંદર રીતે વાતચીત કરી, તેથી તે બધાએ ઈસ્લામ સ્વીકાર

કરી લીધો અને તેમનાં દિલ હઝરત અલી (અ.) થી ઘણાં ખુશ થયાં. આપ (અ.)એ તેના સમાચાર રસૂલે અકરમ (સ.)ને લખી મોકલાવ્યા.

બીજી વાર રમઝાન, હિ.સ.૧૦માં રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને એક લશ્કર આપીને મઝહજ કબીલા તરફ મોકલ્યા કે જેની સંખ્યા, ઈબ્ને સઅદની રિવાયત મુજબ, ત્રણસો લડાયક માણસોથી વધારે ન હતી. ઈબ્ને સઅદે આવું પણ લખ્યું છે કે આ પહેલો સરીયા છે કે જે મઝહજના વિસ્તારમાં દાખલ થયો. તેથી હઝરત અલી (અ.)એ પોતાના સાથીઓને સફમાં ગોઠવી દીધા અને તેમને સાથે લઈને મઝહજના તે જૂથનો સામનો કર્યો કે જે આપ (અ.)ની સાથે લડવા માટે નીકળ્યું હતું. તેથી આપ (અ.)એ તેમના ઉપર હુમલો કર્યો અને તેમને આગળ વધવાથી રોકી દીધા. પછી બીજો હુમલો કર્યો કે જેમાં તેમને વિખેરી નાખ્યા. તેથી તેમની મદદે આવનારાઓની મોટી સંખ્યા પણ તેમને આ હારથી બચાવી ન શકી. હઝરત અલી (અ.) તેમના ઉપર એક પછી એક હુમલો કરતા રહ્યા, એટલે સુધી કે તેમનામાંથી વીસથી વધારે બહાદુર સવારોને કતલ કરી દીધા. ત્યારે તેમણે રક્ષણ માગ્યું. તેઓ ઈસ્લામ સ્વીકારવા રાજી થઈ ગયા અને કહેવા લાગ્યા, “લ્યો, આ અમારા સદકા છે, તેમાંથી અલ્લાહનો હક લઈ લો. હવે આપ (અ.) એ માલે ગનીમત ભેગો કર્યો અને તેમાંથી ખુમ્સ કાઢીને બાકીનું પોતાના સાથીઓમાં વહેંચી દીધું. તેના પછી આપ (અ.) મદીના પાછા આવી ગયા. એક રિવાયત મુજબ આપ (સ.) મક્કામાં આવ્યા કે જ્યાં રસૂલે અકરમ (સ.) હજ કરવા માટે ગયા હતા. કેટલાક રાવીઓએ થોડીક બીજી લડાઈઓમાં આપ (અ.)નાં બીજાં પરાક્રમો પણ જણાવ્યાં છે, પરંતુ તેમના ઉપર ઈતિહાસકારોની સર્વસંમતિ નથી, કેમ કે તેમની ઘણીખરી રિવાયતો મુર્સલ પ્રકારની છે કે જેમના ઉપર એક એવો માણસ કે જે વાસ્તવિકતાની શોધમાં હોય તે સહમત નથી થઈ શકતો. જો કે, હઝરત અલી (અ.)ના વિષે જે કાંઈ પણ કહેવામાં આવે છે, તે મારી દૃષ્ટિએ કોઈને નવાઈ નથી પમાડતું, કેમ કે તે ઈલ્મ અને બુદ્ધિના ક્ષેત્રથી બહારની વાતો નથી હોતી.



الإرشاد

# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર એડ. જાફરી

ઇમામ મોહંમદ ઇબ્ને અલી અલ જવાદ (અ.)

## ઈમામ અબૂ જાફર અલ જવાદ (અ.)ના મોઅજિઝા અને ઈમામતની દલીલો

(ગતાંકનું ચાલુ)

અલ–રય્યાને રિવાયત કરી છે:

હજુ તો થોડીક જ વાર થઈ હતી એટલામાં તો નાવિકો હોડીઓ હંકારતાં ગીતો ગાતા હોય તેવા અવાજ સંભળાયા. પછી અમે જોયું કે થોડાક ગુલામો ચાંદીની બનાવેલી નાવડી લાવી રહ્યા છે કે જે રેશમી દોરીથી બાંધેલી છે અને એ નાવડી ઉપર મુકેલી છે અને નાવડીના નીચે અત્તર ભરેલું છે.

મામૂને દરબારીઓને હુકમ આપ્યો કે તેઓ પોતાની દાઢીઓ ઉપર અત્તર લગાડે. પછી તે નાવડી લોકોની ભીડ તરફ ગઈ. બધા લોકોએ પણ અત્તર લગાડ્યું. જમણવાર થયો, લોકોએ ભોજન કરી લીધું. લોકોને હોદ્દા મુજબ ભેટસોગાદો આપવામાં આવી. જ્યારે બધા લોકો જતા રહ્યા અને થોડાક ખાસ દરબારીઓ જ બાકી રહ્યા, તો મામૂને અબૂ જાફર અલ જવાદ (અ.)ને કહ્યું, “હું આપના પર કુરબાન થઈ જાઉં, આ પ્રશ્ન ઉપર પ્રકાશ પાડો કે જો કોઈ મુહરિમ કોઈ જાનવરને મારી નાખે છે, તો શરીઅત શું સજા કાયમ કરશે? શું આપ અમને આ વિષે જણાવશો, જેથી અમે શીખી શકીએ અને તેનાથી લાભ મેળવી શકીએ?

“હા,” અબૂ જાફર જવાદ (અ.)એ જવાબ આપ્યો.

“જો કોઈ મુહરિમે કોઈ જાનવરને હરમે પાકની હદની બહાર માર્યું હોય અને તે પાંખવાળું અને મોટું હોય, તો મુહરિમે એક ઘેટાનો કફ્ફારો આપવો પડશે. અને જો તેણે જાનવરને હરમની હદમાં માર્યું હોય, તો કફ્ફારો બમણો થઈ જશે. જો કોઈ નાના પક્ષીને હરમની બહાર માર્યું હોય, તો દૂધ છોડાવેલા ઘેટાના બચ્ચાનો કફ્ફારો આપવો પડશે. જો તેણે નાના પક્ષીને હરમની અંદર માર્યું હોય, તો તેણે કફ્ફારામાં એક ઘેટાનું બચ્ચું અને પક્ષીનો કફ્ફારો આપવો પડશે. જ્યાં સુધી જંગલી પ્રાણીઓનો સવાલ છે, જો તે જંગલી ગધેડો હોત, તો તેના પર એક ગાય(ની કુરબાની) વાજિબ થઈ હોત; જો શાહમૃગને મારી નાખવામાં આવ્યું હોય, તો કફ્ફારામાં ઊંટની કુરબાની આપવી પડશે; જો હરણને મારી નાખ્યું હોય, તો ઘેટાની કુરબાની

આપવામાં આવશે. તે જાનવરોને જો હરમની બહાર મારી નાખ્યાં હોય, તો કફ્ફારો આ રીતે થશે, પરંતુ જો હરમની અંદર મારી નાખવામાં આવ્યાં હોય, તો કફ્ફારો બમણો થઈ જશે. જો મુહરિમે એવી કોઈ હત્યા કરી હોય કે જેના માટે કુરબાની આપવી જરૂરી હોય અને તેણે એ હત્યા હજની હાલતમાં કરી હોય, તો કુરબાની મિનામાં આપવી પડશે અને જો તેણે કોઈ પક્ષીને અથવા જાનવરને ઉમરા દરમિયાન મારી નાખ્યું હોય, તો કફ્ફારાની કુરબાની મક્કામાં આપવી પડશે. જે માણસ એ બારામાં ઈલ્મ ધરાવતો હોય કે જાનવરને મારવામાં કફ્ફારો આપવો પડશે, અથવા જે માણસ આ બાબતનું ઈલ્મ નથી ધરાવતો તે બન્નેએ એક સમાન કફ્ફારો આપવાનો રહેશે. જો તેણે તે જાણીજોઈને કર્યું હોય, તો તે ગુનોહ છે, પરંતુ જે માણસે અજાણતામાં જાનવરને મારી નાખ્યું હોય, તો તેને ફક્ત કફ્ફારો જ આપવો પડશે. આઝાદ માણસ પોતાનો કફ્ફારો પોતે આપશે, જ્યારે માલિક પોતાનો અને ગુલામ બન્નેનો કફ્ફારો આપશે. સગીર બાળકે કફ્ફારો નહીં આપવો પડે, જ્યારે પુખ્ત માણસ ઉપર તે વાજિબ થશે. જે કફ્ફારો આપ્યા પછી પોતાની ભૂલની તોબા કરશે, તો તેણે આખેરતમાં જવાબ આપવો પડશે નહીં, પરંતુ જો કોઈ પોતાની ભૂલ સ્વીકારશે નહીં, તો તેને આખેરતમાં પણ સજા મળશે."

"આપે ખૂબ સરસ સમજાવ્યું, અય અબૂ જાફર! ખરેખર અલ્લાહે આપને નવાજ્યા છે," મામૂને ભાવનાત્મક રીતે કહ્યું. "હવે શું આપ પણ કોઈ પ્રશ્ન યહ્યાને પૂછવા ઈચ્છો છો કે જે રીતે તેમણે આપને પૂછ્યો હતો?"

"શું હું એક પ્રશ્ન કરી શકું?" અબૂ જાફર અલ જવાદ (અ.)એ યહ્યાને પૂછ્યું.

તેણે જવાબ આપ્યો, "હું આપ પર કુરબાન થાઉં, આપ જેમ ઈચ્છો તેમ. પણ, જે પ્રશ્ન આપ મને કરો એનો જવાબ જો જાણતા હો તો મને આનંદ થશે કે સવાલ કર્યા પછી આપ પોતે જવાબ આપો, જેથી મારી જાણકારીમાં વધારો થઈ શકે."

અબૂ જાફર અલ જવાદ (અ.)એ કહ્યું, "મને એવા માણસ વિષે જણાવો કે જે કોઈ સ્ત્રીને પરોઢ નીકળતા પહેલાં જુએ છે, જ્યારે કે તેને જોવી હરમ હોય છે, પરંતુ સવારનો સમય પૂરો થયા પહેલાં તે તેના પર હલાલ થઈ ગઈ હોય છે. બપોરના સમયે તે સ્ત્રી ફરીથી તે માણસ ઉપર હરામ થઈ ગઈ હોય છે, પરંતુ રાતના સમયે તે સ્ત્રી ફરીથી તે પુરુષ ઉપર હલાલ થઈ જાય છે. અડધી રાત પછી તે સ્ત્રી ફરીથી હરામ થઈ જાય છે, પરંતુ સવારના સમયે તે ફરીથી હલાલ થઈ જાય છે. શું કારણ છે કે જેના કારણે તે સ્ત્રી દિવસ અને રાતના એક ભાગમાં હરામ થઈ ગઈ હોય છે અને ફરી એક ભાગમાં હલાલ થઈ જાય છે?"

"અલ્લાહની કસમ, હું આ સવાલનો જવાબ નથી જાણતો, કે ન આવા સવાલ વિષે મેં કદી પણ વિચાર્યું છે," યહ્યા ઈબ્ને અક્સમે કહ્યું, "અલ્લાહ

ખાતર આપ પોતે જ તે મુદ્દા ઉપર પ્રકાશ પાડો અને અમને લાભ પહોંચાડો."

અબૂ જાફર અલ જવાદ (અ.)એ કહ્યું, "આ પ્રશ્ન જે સ્ત્રીના બારામાં છે તે એક કનીઝ છે. દિવસની શરૂઆતમાં એક અજાણ્યા માણસે તેને જોઈ અને ત્યારે તેનું તેને જોવું તેના માટે હરામ હતું. સવાર થતાં તેણે તેના માલિક પાસેથી તેને ખરીદી લીધી અને તે તેના માટે હલાલ થઈ ગઈ. બપોરે, તેણે તેને આઝાદ કરી દીધી અને પછી તે તેના માટે હરામ થઈ ગઈ. અસ્રના સમયે તેણે તેની સાથે નિકાહ કરી લીધા અને પછી તે તેના માટે હલાલ થઈ ગઈ, પરંતુ મગરિબના સમયે તે ઝિહાર (એટલે કે કહેવું – તું મારા માટે મારી મા સમાન છે) કરીને તેનાથી જુદો થઈ જાય છે, પરંતુ રાતે તે પોતાની ભૂલનો કફ્ફારો અદા કરી દે છે, તો તે સ્ત્રી તેના માટે હલાલ થઈ જાય છે. અડધી રાત્રે, તેણે તેને એક તલાક આપી અને તે તેના માટે હરામ થઈ ગઈ. પરોઢિયે તેણે રુજૂઅ કરી લીધું (તલાક પાછી ખેંચી લીધી) અને તે તેના માટે હલાલ થઈ ગઈ."

આ સાંભળીને મામૂન હર્ષાવેશમાં ઊભો થઈ ગયો અને બની અબ્બાસના લોકોને સંબોધીને બોલ્યો, "શું તમારામાંથી કોઈ એવો છે જે આ જવાબની જેમ પ્રશ્નોના જવાબ આપી શકે અથવા જે જવાબ હમણાં જ આપવામાં આવ્યો છે તેના પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી શકે?"

"ના, અલ્લાહની કસમ," સૌએ એકી અવાજે કહ્યું. "અય અમીરુલ મોમિનીન! આપે જે નિર્ણય લીધો છે, તે સૌથી સારો નિર્ણય છે."

મામૂને તેમને કહ્યું, "તમારા પર અફસોસ થાય. મખ્લૂકમાં શું કોઈ આટલી શ્રેષ્ઠતાવાળો છે કે જે અહીં બધા લોકોની સામે છે? તેમને (બુદ્ધિની) પૂર્ણતા પ્રાપ્ત કરવામાં ઉંમરનું કોઈ બંધન નથી. શું હું તમને લોકોને યાદ અપાવું કે અલ્લાહના રસૂલે અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ને તે સમયે દાવતે હક આપી હતી, જ્યારે આપ (હઝરત અલી (અ.))ની ઉંમર દસ વર્ષની જ હતી. આપ (અ.)એ તે સમયે હકનો કલમો પઢ્યો હતો. રસૂલે અક્રમ (સ.)એ કોઈ મોટી ઉંમરના માણસને તેમના (હઝરત અલી (અ.)ના) પહેલાં ઈસ્લામની દાવત આપી ન હતી. તે બનાવ પણ યાદ કરી લો કે હસન (અ.) અને હુસૈન (અ.)ની ઉંમર છ વર્ષથી પણ ઓછી હતી, જ્યારે કે આપ (અ.) ઈસ્લામની તાલીમ ઉપર દૃઢપણે અમલ કરતા હતા. તેટલી ઉંમરનાં બાળકોને રસૂલે અક્રમ (સ.)એ ક્યારેય હકની દાવત આપી ન હતી, સિવાય કે આપ (સ.)ના બન્ને નવાસાઓને. અલ્લાહે તે ખાનદાનના દરેક માણસને ઊંચા મર્તબા આપેલા છે. આ ખાનદાનનાં બાળકો તેમના વડીલોનાં પગલે પગલે જ ચાલ્યાં છે. તેમના આખર પણ અમલમાં અવ્વલની જેમ જ હોય છે."

"અય અમીરુલ મોમિનીન! આપ સાચું કહો છો," લોકોએ જવાબ આપ્યો, અને પછી મજમો વિખેરાઈ ગયો. (ક્રમશઃ)


ZAHAB
JEWELLERS
હવે, ધોળકા અને
હિંમતનગર શહેરમાં
ભવ્ય શો-રૂમ સાથે
જ્યાં ભરોસો, ભવ્યતા
અને શણગારની દુનિયા
100%
100%
Zahab Jewellers
+91 99254 22977
દુકાન નંબર બી6-બી7-બી8 ગ્રાઉન્ડ ફ્લોર, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠ, ગુજરાત-383001
+91 95371 12977
ગ્રાઉન્ડ ફ્લોર, અમન કોમ્પ્લેક્સ, અમન પાર્ક પાસે, બાલાસ ચોકડી, ધોળકા-બાવળા હાઇવે, ધોળકા, ગુજરાત-382225
સ્થાપક: અકબરઅલી આઈ. ચારોલીયા (સેદ્રાણા)
www.zahabjewellers.com

# مصباح الشريعة
# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદકઃ હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદે.)

## اَلْبَابُ الْحَادِیْ عَشَرَ فِی الْخُرُوْجِ مِنَ الْمَنْزِلِ

## બાબ – ૧૧: ઘેરથી નીકળવાના આદાબ

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: "اِذَا خَرَجْتَ مِنْ مَّنْزِلِكَ فَاخْرُجْ خُرُوْجَ مَنْ لَّا يَعُوْدُ، وَلَا يَكُنْ خُرُوْجُكَ اِلَّا لِطَاعَةٍ اَوْ سَبَبٍ مِّنْ اَسْبَابِ الدِّيْنِ، وَالْزَمِ السَّكِيْنَةَ وَالْوَقَارَ وَاذْكُرِ اللّٰهَ سِرًّا وَّجَهْرًا.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, “જ્યારે તું તારા ઘેરથી નીકળે, તો તું એ માણસના નીકળવાની જેમ નીકળ કે જે પાછો નથી આવતો, અને તારું નીકળવું અલ્લાહની ઈતાઅત અને દીનના કારણોમાં જ હોવું જોઈએ. અને તું સંતોષ અને સન્માનિતતાને જરૂરી બનાવી દે, અને તું અલ્લાહનો ઝિક્ર દિલમાં અને જાહેરમાં કર.

سَاَلَ بَعْضُ اَصْحَابِ اَبِیْ ذَرٍّ (رہ) اَهْلَ دَارِهٖ عَنْهُ، فَقَالَتْ: خَرَجَ، فَقَالَ: مَتٰى يَرْجِعُ؟ فَقَالَتْ: مَتٰى يَرْجِعُ مَنْ رُّوْحُهٗ بِيَدِ غَيْرِهٖ، وَلَا يَمْلِكُ لِنَفْسِهٖ شَيْئًا.

હઝરત અબૂ ઝર (રઝી.)ના સાથીઓમાંથી એક સાથીએ તેમની પત્નીને તેમના વિષે પૂછ્યું, તો તેમની પત્નીએ કહ્યું, “તેઓ બહાર ગયા છે.” તો તેમના સાથીએ પૂછ્યું, “તેઓ ક્યારે પાછા આવશે?” તો તેમની પત્નીએ કહ્યું, “એ માણસ ક્યારે પાછો આવે કે જેની રૂહ તેના સિવાય બીજાના હાથમાં હોય, અને તે પોતાની જાત ઉપર કોઈ પણ માલિકી ધરાવતો જ ન હોય?”

وَاعْتَبِرْ بِخَلْقِ اللّٰهِ تَعَالٰى بَرِّهِمْ وَفَاجِرِهِمْ

અને તું જ્યારે પણ અલ્લાહ તઆલાની

اَيْنَمَا مَضَيْتَ، فَاسْاَلِ اللّٰهَ تَعَالٰى اَنْ يَّجْعَلَكَ مِنْ خُلَّصِ عِبَادِهِ الصَّادِقِيْنَ وَيُلْحِقَكَ بِالْمَاضِيْنَ مِنْهُمْ وَيَحْشُرَكَ فِيْ زُمْرَتِهِمْ، وَاحْمَدْهُ وَاشْكُرْهُ عَلٰى مَا جَنَّبَكَ مِنَ الشَّهَوَاتِ وَعَصَمَكَ مِنْ قَبِيْحِ اَفْعَالِ الْمُجْرِمِيْنَ وَغُضَّ بَصَرَكَ مِنَ الشَّهَوَاتِ وَمَوَاضِعِ النَّهْيِ، وَاقْصِدْ فِيْ مَشْيِكَ وَرَاقِبِ اللّٰهَ فِيْ كُلِّ خُطْوَةٍ كَاَنَّكَ عَلَى الصِّرَاطِ جَآئِزٌ، وَّلَا تَكُنْ لَّفَّاتًا وَّاَفْشِ السَّلَامَ لِاَهْلِهٖ مُبْتَدِئًا وَّمُجِيْبًا، وَّاَعِنْ مَّنِ اسْتَعَانَ بِكَ فِيْ حَقٍّ وَّاَرْشِدِ الضَّالَّ وَاَعْرِضْ عَنِ الْجَاهِلِيْنَ، وَاِذَا رَجَعْتَ مَنْزِلَكَ فَادْخُلْ دُخُوْلَ الْمَيِّتِ فِي الْقَبْرِ حَيْثُ لَيْسَ لَهٗ هِمَّةٌ اِلَّا رَحْمَةَ اللّٰهِ تَعَالٰى وَعَفْوَهٗ.

મખ્લૂક, તેમનામાંથી નેક અને તેમનામાંથી બદ, પાસેથી પસાર થાય, તો ઈબ્રત હાસિલ કર, અને તું અલ્લાહ તઆલાથી સવાલ કર કે તે તને તેના સાચા મુખ્લિસ બંદાઓમાંથી બનાવી દે, અને તેમના વીતી ચૂકેલા લોકોથી તને જોડી દે, અને તે તને તેમના ટોળામાં ઊભા કરે, અને તું તેની હમ્દ કર અને તેનો શુક્ર અદા કર કે તેણે તને શહવતોથી દૂર રાખ્યો, અને તેણે તને ગુનાહગારનાં ખરાબ કાર્યોથી પાકદામન રાખ્યો, અને તેણે તારી નજરને શહવતોથી અને મનાઈ કરેલ જગ્યાઓથી નીચી કરી, અને તું મધ્યમ ગતિની સાથે ચાલ અને તું દરેક પગલામાં અલ્લાહનું પૂરેપૂરું ધ્યાન રાખ, જાણે કે તું આ રસ્તાને પાર કરનારો જ છે, અને તું ફાંફાં ન માર. અને તું સલામતી ફેલાવ તેના હકદારો માટે (વાતચીતની) શરૂઆત કરીને અને જવાબ આપીને, અને તું એની મદદ કર કે જેણે સત્યના મામલામાં તારી મદદ માગી હોય, અને તું ગુમરાહને હિદાયત કર, અને તું જાહિલોથી મોઢું ફેરવી લે (દૂર જ રહે), અને જ્યારે તું તારા ઘેર પાછો આવે, તો તું એવી રીતે દાખલ થા જેવી રીતે મય્યતને કબ્રમાં દાખલ કરવામાં આવે છે, એવી રીતે કે તેની કોઈ હિંમત પણ ન હોય, સિવાય કે અલ્લાહ તઆલાની રહમત અને તેની માફી."

# તહ્‌ઝીબુલ ઇસ્લામ

تهذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી

ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી

ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## પ્રકરણ–૩

## ખાવા–પીવાના આદાબ

(ગતાંકનું ચાલુ)

### (૭) અનાજ, શાકભાજી, મેવા, અને બધી ખાવાની ચીજોના ફાયદાઓનું વર્ણન

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની સામે કદી એવું ખાણું નથી આવ્યું કે જેમાં કોઈ લીલી શાકભાજી ન હોય." અને હઝરત (અ.) એ એ પણ ફરમાવ્યું કે, "મોમિનોનાં દિલ લીલી શાકભાજી તરફ ઝૂકેલાં છે." આવું પણ ફરમાવ્યું કે, "જે વ્યકિત રાત્રે એ સ્થિતિમાં ઊંઘે કે સાત પત્તાં કાસ્ની (લીલાં સૂર્યમુખી)નાં તેના પેટમાં પહોંચી ચૂકયાં હોય, તો તે એ રાત્રે મોટા આંતરડાના દર્દથી સુરક્ષિત રહેશે. જે વ્યકિત એવું ઈચ્છતી હોય કે તેનો માલ અને ઓલાદ વધારે હોય, તો તે લીલાં સૂર્યમુખી વધારે ખાધા કરે."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "લીલા રંગનું સૂર્યમુખી ઘણી જ સારી શાકભાજી છે. એનું એક પાંદડું પણ એવું નથી કે જેના પર જન્નતના પાણીનું એક ટીપું ન હોય. તેથી યોગ્ય એ છે કે તેને ખાતી વખતે હલનચલન ન કરે." ફરમાવ્યું, "સૂર્યમુખી શાકભાજીમાં સૌથી વધારે બહેતર છે. તેનાથી સુંદર નર સંતાન પેદા થાય છે." અને ફરમાવ્યું, "સૂર્યમુખીની ફઝીલત બીજી શાકભાજી પર એવી છે કે જેવી અમ અહલેબૈત (અ.)ની બીજી મખ્લૂક પર છે."

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું છે કે, "સૂર્યમુખી ખાવાથી દરેક દર્દમાં આરામ થાય છે. એટલે આદમની ઓલાદમાં એક દર્દ પણ એવું નથી કે સૂર્યમુખી તેને દૂર ન કરી શકે."

એક વ્યકિતને તાવ અને માથાનું દર્દ થઈ ગયું. હઝરત (અ.)એ ફરમાવ્યું, "સૂર્યમુખી કૂટીને એક કાગળ પર ફેલાવી દો, અને તેના પર બનફશા (એક પ્રકારની જડીબુટ્ટી)નું તેલ છાંટીને કપાળ પર લગાવી દો, તો તેનાથી તાવ અને માથાનું દર્દ દૂર થઈ જશે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ

ફરમાવ્યું છે કે, "સૂર્યમુખી હઝરત રસૂલે ખુદા (સ.) ની પસંદની શાકભાજી રહી છે, બાદરૂજ (એક પહાડી જડીબુટ્ટી કે જે નદીના કિનારે પણ થાય છે) હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની અને બર્ગે ખુર્ફાએ તાજા (ખજૂરનાં તાજાં પાંદડાં) હઝરત ફાતેમા ઝહરા (અ.)ની."

બાદરૂજના વખાણમાં ઘણી હદીસો આવી છે. એમાંની એક આ પણ છે કે જમ્યા પહેલાં તેને ખાવું જોઈએ જેનાથી તે સૂકાયેલા મળને ખોલે છે, ભૂખને વધારે છે, મસલૂલ (એક પ્રકારની ફેફસાંમાંથી લોહી નીકળવાની બીમારી)ને દૂર કરે છે, ઓડકાર સુગંધીદાર કરે છે, બાલખોરા (એક પ્રકારની વાળ ખરવાની બીમારી)થી મુક્ત કરે છે, અને જ્યારે પેટમાં પહોંચી જાય છે, તો દરેક પ્રકારનાં દર્દને દૂર કરે છે.

મોઅતબર રિવાયતમાં હઝરત મૂસા ઈબ્ને જાફર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, એક વ્યક્તિને બરોળનો સોજો થઈ ગયો હતો. ફરમાવ્યું કે, "તેને તરહગંદનાહ (એક પ્રકારની લસણ જેવી શાકભાજી) ત્રણ દિવસ ખવડાવી દો." આ હુકમ પર અમલ કરવાથી તેને તંદુરસ્તી મળી ગઈ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "તરહનું શાક ખાઓ, કેમ કે તેના ચાર ગુણો છે: (૧) મોઢાની બદબૂને દૂર કરે છે (૨) ઝેરીલી હવાને શરીરથી દૂર કરે છે (૩) દુઝતા મસા દૂર કરે છે (૪) જે વ્યક્તિ તેને ખાવાની આદત બનાવી લેશે, તે વાળ ખરવાના રોગથી અને રક્તપિત્તથી સુરક્ષિત રહેશે."

નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત અમીરુલ મોમિનીન (અ.) તરહનું શાક પીસેલા નમકની સાથે ખાતા હતા.

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી મન્કૂલ છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે, "તમારે કરફસ (ખુરાસાની અજમો) ખાવો જોઈએ. તે હઝરત ઈલ્યાસ (અ.), યસઅ (અ.) અને યૂશોઅ ઈબ્ને નૂન (અ.)નો ખોરાક છે.""

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી રિવાયત છે કે, "સેબે તરશ (ખાટું સફરજન) ધાણા સાથે ખાવાથી ભૂલી જવાની બીમારી પેદા થાય છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જમીન પર ખજૂરનાં તાજાં પાંદડાંથી બહેતર બીજી કોઈ શાકભાજી નથી અને તે હઝરત ફાતેમા ઝહરા (અ.)ની શાકભાજી છે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "તમારે કાહૂ (એક પ્રકારનું શાક અને બીજ) ખાવું જોઈએ કે જે ખૂનને સાફ કરે છે."

બીજી મોઅતબર હદીસમાં ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "તરાતીઝક (એક પ્રકારની શાકભાજી) ઈશાના સમયે પેટ ભરીને ખાઈ લે, તો સવાર સુધી રક્તપિત્તની બીમારી અને બાલ ખરવાની બીમારીમાં સપડાઈ જશે."

એક બીજી હદીસમાં આવ્યું છે કે, "બાદરૂજ

અને કાસ્ની અમારી શાકભાજી છે, અને તરાતીઝક બની ઉમય્યાની."

બીજી રિવાયતમાં હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ના ખાદિમથી નકલ કરવામાં આવ્યું છે કે, "તે હઝરત (અ.) જ્યારે અમને શાકભાજી ખરીદવા માટે ફરમાવતા હતા, તો કહેતા હતા કે, "તરાતીઝક ન ખરીદતા." એ પણ ફરમાવ્યા કરતા હતા કે, "એ લોકો કેટલા મૂર્ખા છે કે કહે છે કે તરાતીઝક જહન્નમની નદીના કિનારે પેદા થાય છે. જ્યારે કે હક તઆલા ફરમાવે છે કે, "જહન્નમની આગને ભડકાવનાર આદમી અને પત્થરો છે." અને એ પત્થરનો મતલબ કાં તો એ પત્થર છે કે જેમનાથી બુત બનાવવામાં આવે છે અથવા ગંધકના પત્થર. પછી એ કેવી રીતે બની શકે છે કે શાકભાજી જહન્નમમાં પેદા થાય.""

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "અલ્લાહ તઆલાએ યહૂદીઓને વાળ ખરવાની બીમારીની બે યુકિતઓ બતાવી હતી: ચુકંદર (બીટ) ખાવું અને ગોશ્તની નસો કાઢી નાખવી."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું કે, "ચુકંદર ઘણી સારી શાકભાજી છે."

હઝરત ઈમામ રઝા (અ.)એ ફરમાવ્યું કે, "પોતાના દર્દીઓને ચુકંદરનાં પત્તાં ખવડાવો કે એમાં શિફા જ શિફા છે. નુકસાન અને ખરાબી જરા પણ નથી. એ પત્તાંને ખાઈને બીમાર આરામથી ઊંઘે છે, પરંતુ ચુકંદરના મૂળથી ગાંડપણ પેદા થાય છે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "ઝાતુલ જંબવાળા (ફેફસાંમાં પાણી જવાનું અને પાંસળીઓમાં દર્દ થવાનો રોગ)ના પેટમાં દવાના રૂપમાં બીટનાં પાંદડાંથી બહેતર કોઈ વસ્તુ જતી નથી."

કાફીમાં મોઅતબર હદીસથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, ફરમાવ્યું, "હઝરત રિસાલત મઆબ (સ.)એ કહ્યું છે કે, "મશરૂમ (બિલાડીનો ટોપ) કે જે બની ઈસરાઈલ પર નાઝિલ થઈ હતી, અને મારા માટે જન્નતથી આવી, એનું પાણી આંખના માટે શિફા છે.""

ઘણી મોઅતબર હદીસોમાં નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત રસૂલલ્લાહ (સ.)ને દૂધી ઘણી જ પસંદ હતી. તપેલીમાં હોય કે રકાબીમાં, અને પોતાની સ્ત્રીઓને હુકમ આપતા હતા કે, "ખાવામાં દૂધી વધારે નાખ્યા કરે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)ને વસિયત કરી કે, "અય અલી! દૂધી ખાવાને જરૂરી સમજો કેમ કે તેનાથી મગજમાં વૃદ્ધિ થાય છે, અને બુદ્ધિ વધારે થાય છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "મૂળાના ત્રણ મહત્ત્વના ગુણ છે: પાંદડાં – તેનાથી ઝેરીલી હવાઓ શરીરમાંથી નીકળી જાય છે. બીજ – તે ખોરાકને પચાવે છે, અને રેશા – કફને દૂર કરે છે."

બીજી રિવાયતમાં ફરમાવ્યું કે, "તેનાં પાંદડાંથી વિર્દ (ઝિક્ર) વધારે થાય છે." (ક્રમશ:)


Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર          અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૪: ઈસ્લામી રૂહાનિયત (Spirituality) અને વિચારધારા (Thought)

(ગતાંકનું ચાલુ)

બીજી ઈસ્લામી સદી સુધી, તરીકતના આ પંથીઓ કે જેઓ ધીમેધીમે સૂફી તરીકે ઓળખાવા લાગ્યા હતા, તેઓ અમુક પ્રતિષ્ઠિત હસ્તીઓના સાનિધ્યમાં એકઠા થતા હતા. આ મહાનુભાવો મોટાભાગે રૂહાની રહેબરો હતા, જેઓ સાદગીભર્યું અને ત્યાગમય જીવન જીવવાની કોશિશ કરતા હતા કે જેથી એવા એશોઆરામથી બચી શકાય કે જેણે ઉમવી ખિલાફતના અંતમાં તથા અબ્બાસી ખિલાફતની શરૂઆતમાં ઈસ્લામી ઉમ્મતને ઘેરી લીધી હતી. ધીમેધીમે તાલીમ આપનારાં આ માળખાં વધુ સંગઠિત બનવા લાગ્યાં, અને ત્રીજી ઈસ્લામી સદીમાં, એ સમયના મશહૂર સૂફી અલ–જુનૈદની સરપરસ્તીમાં બગદાદ શહેરમાં, આ સૂફી માળખાં વધારે વિધિવત સ્વરૂપ પામ્યાં. બે સદીઓ પછી જ આ માળખાં સૂફી સિલસિલાઓ અથવા તુરુકમાં રૂપાંતરિત થયાં, જેમનાં નામ સામાન્ય રીતે તે સિલસિલાઓના સ્થાપકોના નામ પરથી રાખવામાં આવતાં હતાં, જેમ કે અબ્દુલ કાદિર જીલાની કે જેમણે કાદરીયા સિલસિલાને પોતાનું નામ આપ્યું, કે જેના પૈરવકારો આજે દક્ષિણ ફિલિપાઈન્સથી લઈને મોરક્કો સુધી જોવા મળે છે, અથવા શૈખ અહમદ રિફાઈ કે જેઓ રિફાઈયા સિલસિલાના સ્થાપક છે. આમાંના કેટલાક સિલસિલા પોતાના સ્થાનિક પ્રદેશો સુધી મર્યાદિત રહ્યા, જ્યારે કે કાદરીયા જેવા સિલસિલા ઈસ્લામી દુનિયાના સમગ્ર ભાગમાં ખૂબ જ વ્યાપક રીતે ફેલાયા.

પાછળની સદીઓ દરમિયાન સમગ્ર ઈસ્લામી દુનિયામાં અનેક મહત્ત્વપૂર્ણ સૂફી સિલસિલાઓનો ઉદય થયો. આમાં સૌથી મશહૂર સિલસિલાઓમાં 'શૈખ અબુલ હસન શાઝિલી' દ્વારા સ્થાપિત 'શાઝિલીયા' સિલસિલો છે; જેનો પ્રભાવ ખાસ કરીને મોરક્કોથી લઈને સિરીયા અને ઈજિપ્ત સુધી આખી અરબ દુનિયામાં રહ્યો છે; બીજો

સિલસિલો પર્શિયન મૂળ ધરાવતો 'નકશબંદી' સિલસિલો છે, જેનું મથક અફઘાનિસ્તાન અને જેને આજે મધ્ય એશિયા કહેવામાં આવે છે તે હતું, અને જે ખૂબ જ ઝડપથી ભારતમાં ફેલાયો (આ સિલસિલો એક શક્તિશાળી ધાર્મિક ઘટક તરીકે તથા રાજકીય ઘટક તરીકે આજે પણ અસ્તિત્વમાં છે, અને એ મુસ્લિમ દેશોમાં ઈસ્લામના સંરક્ષણ માટે કાર્યરત છે કે જે દેશો હમણાં સુધી સોવિયેત યુનિયનનો એક ભાગ હતા.); એક અન્ય સિલસિલો 'મૌલવીયા' સિલસિલો છે, જેનું નામ પર્શિયાના મશહૂર શાયર 'મૌલાના જલાલુદ્દીન રૂમી'ના નામ પરથી છે. આ સિલસિલો ઉસ્માની ખિલાફતમાં ખૂબ મહત્ત્વપૂર્ણ રહ્યો હતો, અને ઉસ્માનીઓના પતન પછી કમાલ અતાતુર્કે તેના પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં, તુર્કીમાં તે આજે પણ મોજૂદ છે. બીજા મુખ્ય સિલસિલાઓમાં ઉત્તર આફ્રિકામાં 'તિજાનીયા' સિલસિલાનો સમાવેશ થાય છે, જે મોરક્કોથી શરૂ થઈને દક્ષિણમાં અશ્વેત લોકોમાં ફેલાયો. પશ્ચિમ આફ્રિકામાં ઈસ્લામના ફેલાવા માટે મહદંશે આ જ સિલસિલો જવાબદાર છે; 'નેઅમતુલ્લાહી' સિલસિલો કે જે ઈરાનમાં સૌથી લોકપ્રિય સિલસિલો છે, અને જેની મહત્ત્વપૂર્ણ શાખાઓ હિન્દુસ્તાનમાં પણ છે, તે અને બીજા ઘણા સિલસિલાઓ સદીઓથી મોજૂદ છે, અને આજે પણ નોંધપાત્ર છે. બીજા એ સિલસિલાઓ છે કે જેમના પૈરવકારોની સંખ્યા શરૂઆતની સદીઓમાં ખૂબ જ વધારે હતી, પરંતુ આજે તેમની સંખ્યા મર્યાદિત થઈ ગઈ છે, ઉદાહરણ તરીકે 'કુબ્રવીયા' સિલસિલો કે જે એક સમયે ખુરાસાન, મધ્ય એશિયા, પાકિસ્તાન અને હિન્દુસ્તાનના અમુક પ્રદેશોમાં વ્યાપક રીતે ફેલાયેલો હતો, પરંતુ આજે તેને માનનારા લોકોની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ છે, તેમ છતાં તેના ઐતિહાસિક પ્રભાવની દૃષ્ટિએ તે હજુ પણ મહત્ત્વપૂર્ણ છે.

ભલે ગમે તે હોય, સૂફી સિલસિલાઓ સદીઓથી રસૂલલ્લાહ (સ.)ના મૂળ હુકમોની જાળવણી કરવામાં સક્ષમ રહ્યા છે, જેમાં તઝિકયાએ નફ્સ, સુન્નતે રસૂલની પૈરવી, ઇન્સાની નફ્સમાં બાતિની સદ્ગુણોનો વિકાસ, ઈમાનદારી, ઈખ્લાસ અને ખુશૂઅ જેવા અખ્લાકથી માણસના અસ્તિત્વને સુશોભિત કરવું, અને ઈસ્લામી ઉપદેશો તથા ઈમાનના બાતિની અર્થને સમજવાની કોશિશ કરવી, તેમ જ તોહીદનો તેના છેવટના અર્થની સાથે એહસાસ કરવું શામિલ છે. સદીઓથી ઘણા સૂફીઓ શરીઅતના મહાન ઉસ્તાદો પણ રહ્યા છે. અન્ય કેટલાક મહાન મુતકલ્લિમ (ધર્મવિદ્દો) હતા, વળી કેટલાક (જિહાદ વડે) અમલ કરનારા લોકો પણ હતા. ગઈ સદી દરમિયાન જ્યારે મુસલમાનો ઉપનિવેશવાદી તાકતોના તાબા હેઠળ હતા, ત્યારે ઈસ્લામી જગતના અનેક ભાગોમાં, જેવા કે ઉત્તર આફ્રિકા, ભારતના ઉત્તર–પશ્ચિમી પ્રાંતો અને કૌકાસિયામાં ફ્રેન્ચ, બ્રિટિશર અને રશિયનોના

પ્રતિકારમાં ઘણા સૂફી મહાનુભાવો આગળ આવ્યા, જેમ કે, અલ્જેરિયાના અમીર અબ્દુલ કાદિર જઝાઈરી, મોરક્કોના મશહૂર લડવૈયા અબ્દુલ કરીમ અને કૌકાસિયાના કિસ્સામાં શામિલ, જેમણે ઝારવાદી લશ્કરો વિરુદ્ધ બહાદુરીની સાથે લડત આપી હતી. આ બધા જ લોકો તસવ્વુફ સાથે જોડાયેલા હતા, અને સાથેસાથે ઈસ્લામના મહાન મુજાહિદો અને શૂરવીરો પણ હતા. એમાં કોઈ શક નથી કે કેટલાક સૂફી સિલસિલાઓમાં અમુક ખોટા અમલોએ પણ પગપેસારો કરી દીધો છે, જેઓ ખાસ કરીને છેલ્લાં ૨૦૦ વર્ષો દરમિયાન પડતીના શિકાર થયા છે, પરંતુ હાલના મોજૂદ સૂફી સિલસિલાઓ હંમેશાં પોતાને જીવંત રાખવામાં સક્ષમ રહ્યા છે, અને આજ દિન સુધી તેઓ ઈસ્લામના બૌદ્ધિક અને રૂહાની જીવનમાં એક કેન્દ્રિય ભૂમિકા નિભાવી રહ્યા છે.

## ગડમથલ નં.૩૯૯નો ઉકેલ

**<u>આડી ચાવીઓ:</u>** (૧) રફતાર (૪) બેદરકાર (૭) ઈસાર (૯) મદદ (૧૧) મદ (૧૨) દામન (૧૩ ) તવા (૧૪) સઝા (૧૫) ખાર (૧૬) નાન (૧૭) રાહ (૨૦) ઈદારા (૨૧) ઝાહિદા (૨૩) કુરાન (૨૫) રઝા (૨૬) અદન (૨૭) ખુમ (૨૮) તબક (૨૯) બદામ (૩૧) ઈતરત (૩૨) દન **ઊભી ચાવીઓ:** (૧) રહમત (૨) તાઈદ (૩) રસા (૫) રસદાર (૬) રહનસહન (૮) રમઝાન (૧૦) દવાત (૧૪) સના (૧૫) ખાનદાન (૧૮) વઝારત (૧૯) નિદા (૨૦) ઈરાન (૨૨) હિજાબ (૨૩) કુદરત (૨૪) ઈમદાદ (૨૭) ખૂબ (૩૦) મન



AHAD™
SOLARTECH

તમારા ઘર ઉપર સોલાર લગાવો
**₹ 1600/- ના સરળ હપ્તે** અને મેળવો
**સરકાર માન્ય ₹ 78,000/- સબસિડી માત્ર**
**31-03-2027 સુધી જ**
માટે આજે જ અહદ સોલારટેકનો સંપર્ક કરો




+91 8140 429 440
**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

# ઈબાદાત

## માહે રબીઉલ અવ્વલના આમાલ

**માહે રબીઉલ અવ્વલની સત્તરમીના આમાલ:**

(1) ગુસ્લ કરવું.

(2) રોઝો રાખવો.

(3) રસૂલલ્લાહ (સ.)ની ઝિયારત પઢવી. (દૂરથી કે નજીકથી)

(4) આ દિવસે હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની એ ઝિયારત પઢવી કે જે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ પઢી હતી અને મોહંમદ ઈબ્ને મુસ્લિમ સકફી (રહ.)ને પણ શિખવાડી હતી, જે આ મુજબ છે:

اَلسَّلَامُ عَلٰى رَسُوْلِ اللهِ، اَلسَّلَامُ عَلٰى خِيَرَةِ اللهِ، اَلسَّلَامُ عَلَى الْبَشِيْرِ النَّذِيْرِ السِّرَاجِ الْمُنِيْرِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ، اَلسَّلَامُ عَلَى الطُّهْرِ الطَّاهِرِ، اَلسَّلَامُ عَلَى الْعَلَمِ الزَّاهِرِ، اَلسَّلَامُ عَلَى الْمَنْصُوْرِ الْمُؤَيَّدِ، اَلسَّلَامُ عَلٰٓى اَبِي الْقَاسِمِ مُحَمَّدٍ وَّرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ، اَلسَّلَامُ عَلٰٓى اَنْبِيَآءِ اللهِ الْمُرْسَلِيْنَ وَعِبَادِ اللهِ الصَّالِحِيْنَ، اَلسَّلَامُ عَلٰى مَلَآئِكَةِ اللهِ الْحَآفِّيْنَ بِهٰذَا الْحَرَمِ وَبِهٰذَا الضَّرِيْحِ اللَّآئِذِيْنَ بِهٖ

પછી કબરની નજીક જઈને આ મુજબ પઢવું:

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَصِيَّ الْاَوْصِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عِمَادَ الْاَتْقِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ الْاَوْلِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدَ الشُّهَدَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اٰيَةَ اللهِ الْعُظْمٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَامِسَ اَهْلِ الْعَبَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَآئِدَ الْغُرِّ الْمُحَجَّلِيْنَ الْاَتْقِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عِصْمَةَ الْاَوْلِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا زَيْنَ الْمُوَحِّدِيْنَ النُّجَبَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَالِصَ الْاَخِلَّآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَالِدَ الْاَئِمَّةِ الْاُمَنَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا صَاحِبَ الْحَوْضِ وَحَامِلَ اللِّوَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَسِيْمَ الْجَنَّةِ وَلَظٰى،

اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ شُرِّفَتْ بِهٖ مَكَّةُ وَمِنٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا بَحْرَ الْعُلُوْمِ وَكَنَفَ الْفُقَرَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ وُّلِدَ فِي الْكَعْبَةِ وَزُوِّجَ فِي السَّمَآءِ بِسَيِّدَةِ النِّسَآءِ وَكَانَ شُهُوْدُهَا الْمَلَآئِكَةَ الْاَصْفِيَآءَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مِصْبَاحَ الضِّيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ خَصَّهُ النَّبِيُّ بِجَزِيْلِ الْحِبَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْۢ بَاتَ عَلٰى فِرَاشِ خَاتَمِ الْاَنْبِيَآءِ وَوَقَاهُ بِنَفْسِهٖ شَرَّ الْاَعْدَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ رُّدَّتْ لَهُ الشَّمْسُ فَسَامٰى شَمْعُوْنَ الصَّفَا، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ اَنْجَى اللّٰهُ سَفِيْنَةَ نُوْحٍۢ بِاسْمِهٖ وَاسْمِ اَخِيْهِ حَيْثُ الْتَطَمَ الْمَآءُ حَوْلَهَا وَطَمٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ تَابَ اللّٰهُ بِهٖ وَبِاَخِيْهِ عَلٰٓى اٰدَمَ اِذْ غَوٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا فُلْكَ النَّجَاةِ الَّذِيْ مَنْ رَّكِبَهٗ نَجٰى وَمَنْ تَاَخَّرَ عَنْهُ هَوٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ خَاطَبَ الثُّعْبَانَ وَذِئْبَ الْفَلَا، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَمِيْرَ الْمُؤْمِنِيْنَ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا حُجَّةَ اللّٰهِ عَلٰى مَنْ كَفَرَ وَاَنَابَ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اِمَامَ ذَوِي الْاَلْبَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَعْدِنَ الْحِكْمَةِ وَفَصْلَ الْخِطَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مِيْزَانَ يَوْمِ الْحِسَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا فَاصِلَ الْحُكْمِ النَّاطِقَ بِالصَّوَابِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْمُتَصَدِّقُ بِالْخَاتَمِ فِي الْمِحْرَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ كَفَى اللّٰهُ الْمُؤْمِنِيْنَ الْقِتَالَ بِهٖ يَوْمَ الْاَحْزَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ اَخْلَصَ لِلّٰهِ الْوَحْدَانِيَّةَ وَاَنَابَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَاتِلَ خَيْبَرَ وَقَالِعَ الْبَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ دَعَاهُ خَيْرُ الْاَنَامِ لِلْمَبِيْتِ عَلٰى فِرَاشِهٖ فَاَسْلَمَ نَفْسَهٗ لِلْمَنِيَّةِ وَاَجَابَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ لَّهٗ طُوْبٰى وَحُسْنُ مَاٰبٍ وَّرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ عِصْمَةِ الدِّيْنِ وَيَا سَيِّدَ السَّادَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا صَاحِبَ الْمُعْجِزَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ نَزَلَتْ فِيْ فَضْلِهٖ سُوْرَةُ الْعَادِيَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ كُتِبَ اسْمُهٗ فِي السَّمَآءِ عَلَى السُّرَادِقَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُظْهِرَ الْعَجَآئِبِ وَالْاٰيَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَ الْغَزَوَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُخْبِرًا بِمَا غَبَرَ وَبِمَا هُوَ اٰتٍ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُخَاطِبَ ذِئْبِ الْفَلَوَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَاتِمَ الْحَصٰى وَمُبَيِّنَ الْمُشْكِلَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ عَجِبَتْ مِنْ حَمَلَاتِهٖ فِي الْوَغٰى مَلَآئِكَةُ السَّمَاوَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ نَّاجَى الرَّسُوْلَ فَقَدَّمَ بَيْنَ يَدَيْ نَجْوَاهُ الصَّدَقَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَالِدَ الْاَئِمَّةِ الْبَرَرَةِ السَّادَاتِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا تَالِيَ الْمَبْعُوْثِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِلْمِ خَيْرِ مَوْرُوْثٍ وَّرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدَ الْوَصِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اِمَامَ الْمُتَّقِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا غِيَاثَ الْمَكْرُوْبِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عِصْمَةَ الْمُؤْمِنِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ

يَا مُظْهِرَ الْبَرَاهِيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا طٰهٰ وَ يٰسٓ، اَلسَّلَامُ عَلَيْكَ يَا حَبْلَ اللهِ الْمَتِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ تَصَدَّقَ فِيْ صَلٰوتِهٖ بِخَاتَمِهٖ عَلَى الْمِسْكِيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَالِعَ الصَّخْرَةِ عَنْ فَمِ الْقَلِيْبِ وَمُظْهِرَ الْمَآءِ الْمَعِيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عَيْنَ اللهِ النَّاظِرَةَ وَيَدَهُ الْبَاسِطَةَ وَلِسَانَهُ الْمُعَبِّرَ عَنْهُ فِيْ بَرِيَّتِهٖ اَجْمَعِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِلْمِ النَّبِيِّيْنَ وَمُسْتَوْدَعَ عِلْمِ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَصَاحِبَ لِوَآءِ الْحَمْدِ وَسَاقِيَ اَوْلِيَآئِهٖ مِنْ حَوْضِ خَاتَمِ النَّبِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا يَعْسُوْبَ الدِّيْنِ وَقَآئِدَ الْغُرِّ الْمُحَجَّلِيْنَ وَوَالِدَ الْاَئِمَّةِ الْمَرْضِيِّيْنَ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَى اسْمِ اللهِ الرَّضِيِّ وَوَجْهِهِ الْمُضِيْٓءِ وَجَنْبِهِ الْقَوِيِّ وَصِرَاطِهِ السَّوِيِّ، اَلسَّلَامُ عَلَى الْاِمَامِ التَّقِيِّ الْمُخْلِصِ الصَّفِيِّ، اَلسَّلَامُ عَلَى الْكَوْكَبِ الدُّرِّيِّ، اَلسَّلَامُ عَلَى الْاِمَامِ اَبِي الْحَسَنِ عَلِيٍّ وَّرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلٰى اَئِمَّةِ الْهُدٰى وَمَصَابِيْحِ الدُّجٰى وَاَعْلَامِ التُّقٰى وَمَنَارِ الْهُدٰى وَذَوِي النُّهٰى وَكَهْفِ الْوَرٰى وَالْعُرْوَةِ الْوُثْقٰى وَالْحُجَّةِ عَلٰى اَهْلِ الدُّنْيَا وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلٰى نُوْرِ الْاَنْوَارِ وَحُجَّةِ الْجَبَّارِ وَوَالِدِ الْاَئِمَّةِ الْاَطْهَارِ وَقَسِيْمِ الْجَنَّةِ وَالنَّارِ الْمُخْبِرِ عَنِ الْاٰثَارِ الْمُدَمِّرِ عَلَى الْكُفَّارِ مُسْتَنْقِذِ الشِّيْعَةِ الْمُخْلِصِيْنَ مِنْ عَظِيْمِ الْاَوْزَارِ، اَلسَّلَامُ عَلَى الْمَخْصُوْصِ بِالطَّاهِرَةِ التَّقِيَّةِ ابْنَةِ الْمُخْتَارِ الْمَوْلُوْدِ فِي الْبَيْتِ ذِي الْاَسْتَارِ الْمُزَوَّجِ فِي السَّمَآءِ بِالْبَرَّةِ الطَّاهِرَةِ الرَّضِيَّةِ الْمَرْضِيَّةِ وَالِدَةِ الْاَئِمَّةِ الْاَطْهَارِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَى النَّبَاِ الْعَظِيْمِ الَّذِيْ هُمْ فِيْهِ مُخْتَلِفُوْنَ وَعَلَيْهِ يُعْرَضُوْنَ وَعَنْهُ يُسْئَلُوْنَ، اَلسَّلَامُ عَلٰى نُوْرِ اللهِ الْاَنْوَرِ وَضِيَآئِهِ الْاَزْهَرِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ اللهِ وَحُجَّتَهٗ وَخَالِصَةَ اللهِ وَخَآصَّتَهٗ، اَشْهَدُ اَنَّكَ يَا وَلِيَّ اللهِ لَقَدْ جَاهَدْتَّ فِيْ سَبِيْلِ اللهِ حَقَّ جِهَادِهٖ وَاتَّبَعْتَ مِنْهَاجَ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ وَحَلَّلْتَ حَلَالَ اللهِ وَحَرَّمْتَ حَرَامَ اللهِ وَشَرَعْتَ اَحْكَامَهٗ وَاَقَمْتَ الصَّلٰوةَ وَاٰتَيْتَ الزَّكٰوةَ وَاَمَرْتَ بِالْمَعْرُوْفِ وَنَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَجَاهَدْتَّ فِيْ سَبِيْلِ اللهِ صَابِرًا نَّاصِحًا مُّجْتَهِدًا مُّحْتَسِبًا عِنْدَ اللهِ عَظِيْمَ الْاَجْرِ حَتّٰى اَتٰىكَ الْيَقِيْنُ، فَلَعَنَ اللهُ مَنْ دَفَعَكَ عَنْ حَقِّكَ وَاَزَالَكَ عَنْ مَّقَامِكَ وَلَعَنَ اللهُ مَنْ بَلَغَهٗ ذٰلِكَ فَرَضِيَ بِهٖ، اُشْهِدُ اللهَ وَمَلٰٓئِكَتَهٗ وَاَنْبِيَآئَهٗ وَرُسُلَهٗ اَنِّيْ وَلِيٌّ لِّمَنْ وَّالَاكَ وَعَدُوٌّ لِّمَنْ عَادَاكَ، اَلسَّلَامُ عَلَيْكَ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ

હવે પોતાના શરીરને કબર મુબારકથી વળગીને બોસા આપે અને આ મુજબ કહે:

اَشْهَدُ اَنَّكَ تَسْمَعُ كَلَامِيْ وَتَشْهَدُ مَقَامِيْ وَاَشْهَدُ لَكَ يَا وَلِيَّ اللهِ بِالْبَلَاغِ وَالْاَدَآءِ يَا مَوْلَايَ يَا حُجَّةَ اللهِ يَا اَمِيْنَ اللهِ يَا وَلِيَّ اللهِ، اِنَّ بَيْنِيْ وَبَيْنَ اللهِ عَزَّوَجَلَّ ذُنُوْبًا قَدْ اَثْقَلَتْ ظَهْرِيْ وَمَنَعَتْنِيْ مِنَ الرُّقَادِ وَذِكْرُهَا يُقَلْقِلُ

اَحْشَايِيْ، وَقَدْ هَرَبْتُ اِلَى اللهِ عَزَّوَجَلَّ وَاِلَيْكَ، فَبِحَقِّ مَنِ ائْتَمَنَكَ عَلٰى سِرِّهٖ وَاسْتَرْعَاكَ اَمْرَ خَلْقِهٖ وَقَرَنَ
طَاعَتَكَ بِطَاعَتِهٖ وَمُوَالَاتَكَ بِمُوَالَاتِهٖ كُنْ لِّيْ اِلَى اللهِ شَفِيْعًا وَّمِنَ النَّارِ مُجِيْرًا وَّعَلَى الدَّهْرِ ظَهِيْرًا

હવે ફરીથી પોતાના શરીરને કબર મુબારકથી વળગીને બોસા આપે અને આ મુજબ કહે:

يَا وَلِيَّ اللهِ يَا حُجَّةَ اللهِ يَا بَابَ حِطَّةِ اللهِ وَلِيُّكَ وَزَآئِرُكَ وَاللَّآئِذُ بِقَبْرِكَ وَالنَّازِلُ بِفِنَآئِكَ وَالْمُنِيْخُ رَحْلَهٗ
فِيْ جِوَارِكَ يَسْاَلُكَ اَنْ تَشْفَعَ لَهٗٓ اِلَى اللهِ فِيْ قَضَآءِ حَاجَتِهٖ وَنُجْحِ طَلِبَتِهٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ فَاِنَّ لَكَ عِنْدَ
اللهِ الْجَاهَ الْعَظِيْمَ وَالشَّفَاعَةَ الْمَقْبُوْلَةَ فَاجْعَلْنِيْ يَا مَوْلَایَ مِنْ هَمِّكَ وَاَدْخِلْنِيْ فِيْ حِزْبِكَ وَالسَّلَامُ
عَلَيْكَ وَعَلٰى ضَجِيْعَيْكَ اٰدَمَ وَنُوْحٍ وَّالسَّلَامُ عَلَيْكَ وَعَلٰى وَلَدَيْكَ الْحَسَنِ وَالْحُسَيْنِ وَعَلَى الْاَئِمَّةِ
الطَّاهِرِيْنَ مِنْ ذُرِّيَّتِكَ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ

(5) આ દિવસે સૂરજ જ્યારે ઊંચે ચઢે ત્યારે બે રકાત નમાઝ પઢે, જેની બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા કદ્ર અને દસ વખત સૂરા તૌહીદ પઢે.

(6) આ દિવસે સદકો આપે, મોમિનો સાથે ખુશીથી મુલાકાત કરે, માઅસૂમીન (અ.)ના રોઝા મુબારકની ઝિયારત કરે.




# હઝરત અકીલ (અ.)ના ફરઝંદો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

**હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)**

ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) ના સહાબી. કરબલાના શહીદ.

**પરિચય:**

આપ (અ.)ની વિલાદત મદીનામાં હિ.સ. ૨૨માં થઈ. આપ (અ.)ના વાલિદનું નામ હઝરત અકીલ ઈબ્ને અબી તાલિબ (અ.) હતું, અને આપ (અ.)નાં વાલિદા એક કનીઝ હતાં, જેમનું નામ 'હુલીયા' હતું, જેમને હઝરત અકીલ (અ.) એ શામથી ખરીદ્યાં હતાં, અને તેમની કૂખે હઝરત મુસ્લિમ (અ.)ની વિલાદત થઈ હતી.[1] હઝરત મુસ્લિમ (અ.) જંગે સિફ્ફીનમાં મૌલા અલી (અ.)ના લશ્કરની જમણી બાજુએ હઝરત ઈમામ હસન (અ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.) તેમ જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જાફર (અ.)ની સાથે હતા.[2]

**મક્કાથી કૂફા:**

હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) મદીનાથી હઝરત ઈમામ હુસૈન (અ.)ની સાથે મક્કા આવ્યા હતા. જ્યારે કૂફાવાસીઓ તરફથી ઘણા બધા પત્રો આવ્યા, તો હઝરત ઈમામ હુસૈન (અ.)એ કૈસ ઈબ્ને મુસલ્હર સૈદાવી (અ.) અને ઉમારા ઈબ્ને અબ્દિલ્લાહ ઈબ્ને કદિન અલ–અર્હબીની સાથે હઝરત મુસ્લિમ (અ.)ને કૂફાવાસીઓને એક પત્ર લખીને મોકલ્યા. અને આ ત્રણેયને અલ્લાહનો તક્વા કરવાનો અને સઘળી બાબતને છુપાવી રાખવાનો હુકમ કર્યો, પછી જો લોકોનાં મંતવ્યો એક દેખાય, તો જલ્દીથી પત્ર લખીને કૂફા બોલાવવાનો હુકમ કર્યો.

હઝરત મુસ્લિમ (અ.) સૌથી પહેલાં મદીના આવ્યા અને ત્યાં મસ્જિદે નબવીમાં નમાઝ પઢી, પછી પોતાનાં પરિવારજનોને વિદાય કર્યાં, પછી કૈસ કબીલામાંથી બે ભોમિયાને સાથે લઈને આગળ વધ્યા. આ બન્ને ભોમિયા રસ્તો ભૂલી ગયા, અને રસ્તામાં ખૂબ જ તરસ લાગતાં તે બન્ને ભોમિયા મરવાની અણી પર હતા, તેથી તે બન્નેએ હઝરત મુસ્લિમ (અ.)ને પાણીનો માર્ગ બતાવ્યો અને ત્યાંથી આગળ વધવાની સલાહ આપી.[3]

હઝરત મુસ્લિમ (અ.) મક્કાથી ૧૫ માહે રમઝાન હિ.સ. ૬૦માં નીકળ્યા હતા, અને ૫ માહે

1 મકાતિલ અલ–તાલિબિયીન, સફ્હા–૮૬
2 મુઅજમ રિજાલ અલ–હદીસ, જિલ્દ–૧૯, સફ્હા–૧૬૬
3 તારીખે તબરી, જિલ્દ–૫, સફ્હા–૩૫૪; અલ–કામિલ ફી અલ–તારીખ, જિલ્દ–૨, સફ્હા–૫૩૪

શવ્વાલના દિવસે કૂફા પહોંચ્યા હતા. એ વખતે કૂફામાં નોઅમાન ઈબ્ને બશીર આમિલ હતો.[1]

**કૂફામાં બૈઅત:**

હઝરત મુસ્લિમ (અ.) કૂફામાં મુખ્તાર ઈબ્ને અબી ઉબૈદા સકફીના ઘરમાં રોકાયા. કૂફાના શીઆઓ હઝરત મુસ્લિમ (અ.)ની આજુબાજુમાં એકઠા થવા લાગ્યા. જ્યારે એક મોટું ટોળું આપ (અ.)ની પાસે ભેગું થયું, તો આપ (અ.)એ લોકોની સાથે હઝરત ઈમામ હુસૈન (અ.)નો પત્ર પઢી સંભળાવ્યો. પત્ર સાંભળીને કૂફાના લોકો રડવા લાગ્યા અને પોતાના એહસાસ જાહેર કરવા લાગ્યા.[2] આ રીતે રોજબરોજ લોકો આવીને આપ (અ.) ના હાથ પર બૈઅત કરતા હતા અને ઈતાઅતનો વાયદો કરતા હતા, એટલે સુધી કે કૂફાના ૧૮ હજાર લોકોએ હઝરત મુસ્લિમ (અ.)ના હાથ પર બૈઅત કરી.[3]

**નોઅમાન ઈબ્ને બશીરની ચેતવણી:**

હઝરત મુસ્લિમ (અ.)ની કૂફામાં આવવાની અને લોકોની આપ (અ.)ના હાથ પર બૈઅત કરવાની વાતની જાણ જ્યારે નોઅમાન ઈબ્ને બશીરને થઈ, તો તે મિમ્બર પર ગયો અને લોકોને મતભેદ કરવાની અને ફિત્નો કરવાની મનાઈ કરી, અને કહ્યું કે, "જે મારી સાથે જંગ નહીં કરે તેની સાથે હું જંગ નહીં કરું, અને જે મારા પર હુમલો નહીં કરે તેના પર હું પણ હુમલો નહીં કરું, અને હું તોહમત પણ નહીં નાખું, પરંતુ જો તમે તમારા અમીર (યઝીદ)ને છોડી દીધો, અને તેની બૈઅતને તોડી દીધી, તો જ્યાં સુધી મારા હાથમાં તલવાર હશે, ત્યાં સુધી હું જરૂરથી તમારી સાથે જંગ કરીશ."[4]

કૂફામાં અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમ નામના એક દુશ્મને યઝીદને પત્ર લખીને કહ્યું કે, "મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) કૂફા આવી ગયા છે, અને શીઆઓએ મુસ્લિમ (અ.)ના હાથ પર હુસૈન (અ.)ની બૈઅત કરી લીધી છે. જો તારે કૂફાની જરૂર હોય, તો કોઈ મજબૂત માણસને કૂફાનો હાકિમ બનાવીને મોકલ કે જે તારા હુકમને અહીંયાં જારી કરે, અને તારા દુશ્મનની સાથે એવો જ વ્યવહાર કરે કે જે તું કરે છે, કારણ કે નોઅમાન ઈબ્ને બશીર એક કમજોર માણસ છે, અથવા કમજોર હોવાનો દેખાવ કરે છે." આવો જ પત્ર ઉમારા ઈબ્ને ઉકબા અને ઉમર ઈબ્ને સઅદે પણ યઝીદને લખ્યો હતો.[5]

આ પત્ર વાંચતાંની સાથે યઝીદે પોતાના બાપના રૂમી ગુલામ સરજૂનની સાથે કૂફાના હાકિમની નિયુક્તિ માટે મશ્વેરો કર્યો, તો આ ગુલામે ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદનો મશ્વેરો આપ્યો.[6]

---

1 મુરૂજ અલ–ઝહબ, જિલ્દ–૩, સફહા–૬૪

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૫; અન્સાબ અલ–અશ્રાફ, જિલ્દ–૨, સફહા–૩૩૪

3 સિકાત (ઈબ્ને હબ્બાન), જિલ્દ–૨, સફહા–૩૦૭

4 અલ–બિદાયા વ અલ–નિહાયા, જિલ્દ–૮, સફહા–૧૫૨

5 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૬; અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૪૨

6 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૬; અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૪૨

**ઈબ્ને ઝિયાદની કૂફા પર નિયુક્તિ:**

ત્યાર પછી યઝીદે મુસ્લિમ ઈબ્ને અમ્ર અલ–બાહિલીને બોલાવ્યો અને તેની સાથે એક પત્ર લખીને ઈબ્ને ઝિયાદ તરફ મોકલ્યો. પત્રમાં લખ્યું હતું કે, "અમ્મા બઅદ, કૂફાવાસીઓમાંના મારા કેટલાક લોકોએ મને ખબર આપી છે કે ઈબ્ને અકીલ (અ.) કૂફામાં આવ્યા છે, અને તેમણે કૂફામાં લોકોને ભેગા કર્યા છે કે જેથી તેઓ મુસલમાનોની એકતાને તોડી નાખે. તો જ્યારે તું મારા આ પત્રને વાંચે તો કૂફા તરફ રવાના થઈ જા, અને ઈબ્ને અકીલ (અ.) ની શોધ કર, અને તેમના પર કામયાબી મેળવીને તેમને કતલ કરી દે."[1] પત્ર વાંચતાંની સાથે જ ઈબ્ને ઝિયાદે ખુશી ખુશી કૂફા તરફ રવાના થવાની તૈયારી શરૂ કરી દીધી, અને બસરા પર પોતાના ભાઈ ઉસ્માનને નિયુક્ત કર્યો અને બસરાવાસીઓને તેના ભાઈની ઈતાઅત કરવાની સખત તાકીદ કરી, અને ફિત્નો કરવા પર ખૂબ જ ડરાવ્યા. ત્યાર પછી ઈબ્ને ઝિયાદ કૂફા તરફ રવાના થયો.[2]

**ઈબ્ને ઝિયાદનું કૂફામાં આવવું:**

ઈબ્ને ઝિયાદ મુસ્લિમ ઈબ્ને અમ્ર અલ–બાહિલી, શરીક ઈબ્ને અલ–અઅવર અલ–હારિસી અને પોતાના પરિવારની સાથે કૂફામાં આવ્યો, તેના માથ પર કાળો અમામો બાંધેલો હતો. લોકોને લાગ્યું કે આ હઝરત ઈમામ હુસૈન (અ.) છે, તેથી લોકો આપ (અ.)નું સ્વાગત કરવા માટે આવ્યા, પરંતુ જ્યારે લોકો ખૂબ જ વધી ગયા, તો મુસ્લિમ ઈબ્ને અમ્ર અલ–બાહિલીએ ઊંચા અવાજે લોકોને કહ્યું કે, "આ અમીર ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ છે." આ સાંભળતાં જ લોકો પીઠ ફેરવીને ભાગવા લાગ્યા. પછી તે મહેલમાં દાખલ થયો. જ્યારે લોકોને ખબર પડી કે તે ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ છે, તો લોકો ખૂબ જ પરેશાન અને દુ:ખી થઈ ગયા. ઈબ્ને ઝિયાદ મસ્જિદમાં આવ્યો અને મિમ્બર પર જઈને કૂફાવાસીઓને ડરાવવા લાગ્યો, અને ઈતાઅત કરવા પર એહસાનનો વાયદો કર્યો, અને નાફરમાની કરવા પર સજા કરવાનો વાયદો કર્યો, પછી કહેવા લાગ્યો કે, "અય કૂફાવાસીઓ! યઝીદે મને તમારા શહેરનો હાકિમ બનાવ્યો છે, અને મને હુકમ કર્યો છે કે તમારામાં માલે ફઈને વહેંચું અને ઝાલિમોથી મઝ્લૂમનો હક અપાવું, અને તાકતવર પાસેથી કમજોરોનો હક લઉં, અને ઈતાઅત કરવાવાળાની સાથે નેકી કરું અને નાફરમાની કરનાર પર સખ્તાઈ કરું, માટે આ હાશમી જવાન (હઝરત મુસ્લિમ (અ.)) સુધી મારી આ વાત પહોંચાડી દેજો કે તેઓ મારા ગુસ્સાથી ડરે."[3]

ઈબ્ને ઝિયાદે હુસૈન ઈબ્ને નુમૈર નામના દુશ્મનને કૂફાના ૧૪ હજાર ઘોડેસવારોની સાથે 'કાદિસિયા'[4]થી 'કુતકુતાના'[5] સુધી ઘેરાબંધી કરવાનો

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૭; અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૪૨
2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૮
3 મુસીર અલ–અહ્ઝાન, સફહા–૩૦
4 કાદિસિયા: કૂફાથી ૧૫ ફરસખ દૂર આવેલી એક જગ્યા
5 કુતકુતાના: કરબલાની દિશામાં કૂફાની નજીક આવેલી એક જગ્યા

હુકમ કર્યો, અને જે પણ માણસ હજ અથવા ઉમરા કરીને આવે અથવા જે ઈમામ (અ.)નો સાથી ન હોય તેવા જ લોકોને કૂફામાં પ્રવેશ કરવા દેતો હતો.[1]

જ્યારે ઈબ્ને ઝિયાદ કૂફા આવ્યો અને તેણે મિમ્બર પરથી હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) ને ધમકીભર્યા શબ્દો કહ્યા, તો હઝરત મુસ્લિમ (અ.) મુખ્તાર ઈબ્ને અબી ઉબૈદા સકફીના ઘરથી નીકળીને હઝરત હાની ઈબ્ને ઉર્વા (અ.)ના ઘર તરફ રવાના થયા. લોકો ત્યાં પણ ઈબ્ને ઝિયાદથી છુપાઈને હઝરત મુસ્લિમ (અ.)ની પાસે આવતા રહ્યા.[2] (ક્રમશ:)

1 અલ–અખ્વાર અલ–તુવાલ, સફહા–૨૪૩
2 અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૪૫







# આપણા ઘરની વાતો

**ઈન્નાલિલ્લાહે...**



રસૂલપુર (મે.)નિવાસી **મર્હૂમા હાજીયાણી કુલસૂમબેન હાજી અબ્દુલભાઈ અસામદી** મુ.તા. ૧૩, ઝિલ્હજ-૧૪૪૭ તા.૩૧/૦૫/૨૦૨૬ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ કાકોશીનિવાસી **મર્હૂમ હાજી સફ્દરઅલી વઝીરભાઈ દાઉવા** મુ.તા. ૨૦, ઝિલ્હજ-૧૪૪૭ તા.૦૭/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



કનાઈનિવાસી **મર્હૂમા મો.ઝૈનબબેન અલીભાઈ પટેલ (ભગત)** મુ.તા. ૧૪, મોહર્રમ-૧૪૪૮ તા.૧૪/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ કનાઈનિવાસી **મર્હૂમા મો.ઝૈનબબેન ઈબ્રાહીમભાઈ ખાણુસિયા (વકીલ)** મુ.તા. ૧૪, મોહર્રમ-૧૪૪૮ તા.૩૦/૦૬/૨૦૨૬ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



મોલીપુરનિવાસી **મર્હૂમા મો.વાલીબેન ઈસ્માઈલભાઈ ડબુ** મુ.તા. ૧૬, મોહર્રમ-૧૪૪૮ તા.૦૨/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ ચડોતરનિવાસી **મર્હૂમા મો.તાહેરાફ્તેમા અહમદઅબ્બાસ માણસીયા** મુ.તા. ૨૧, મોહર્રમ-૧૪૪૮ તા.૦૭/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ ૨૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



ઈલોલ (તલાવ) નિવાસી **મર્હૂમ ડૉ. અબ્બાસભાઈ વલીભાઈ આગલોડીયા(પયરવ)** મુ.તા. ૨૬, મોહર્રમ-૧૪૪૮ તા.૧૨/૦૭/૨૦૨૬ને રવિવારના રોજ અલ્લાહની રહમતે પહોંચ્યા છે. તેઓ સામાજિક કાર્યોમાં પ્રવૃત્ત રહેતા હતા. 'જાફરી વિકાસ મંડળ' અને 'નવયુગ શાળા (ઈલોલ)'ની સ્થાપનાથી લઈને તેની દૈનિક કામગીરીમાં તેમની મહત્ત્વની ભૂમિકા રહી હતી. આ સાથે જ, મકતબા જાફરીયા અંતર્ગત ઍપિટમી ડિપાર્ટમેન્ટમાં પણ તેઓએ સેવા આપી હતી. તેમણે ઈલોલ (તલાવ) ગામમાં આગેવાન તરીકે વિવિધ

સંસ્થાઓ સાથે જોડાઈને સેવાઓ આપી હતી. સામાજિક ક્ષેત્ર ઉપરાંત કૃષિ ક્ષેત્રે પણ તેમનું યોગદાન રહ્યું છે. તેમની વ્યાવસાયિક કારકિર્દી દરમિયાન, તેમના માર્ગદર્શન હેઠળ ઘઉંની 'GW 322' અને 'GW 451', જીરુંની 'ગુજરાત 4', વરિયાળીની 'ગુજરાત 12' તેમ જ ધાણાની વિવિધ ઉચ્ચ ગુણવત્તાવાળી જાતો બહાર પાડવામાં આવી હતી.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

અન્ય

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦૦/- મર્હૂમ હાજી સફદરઅલી વઝીરભાઈ દાઉવા (અમન ઢાબા, સિધ્ધપુર) (કાકોશી)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦૦/- મર્હૂમા મો.વાલીબેન ઈસ્માઈલભાઈ ડબુ (મોલીપુર) અને ડબુ પરિવારના મર્હૂમોની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મર્હૂમા મો.તાહેરાફાતેમા અહમદઅબ્બાસ માણસીયા (ચડોતર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૦/- નઝરઅલી ગુલામહુસૈન મોમિન (નબી) (પાડગોલ) તરફથી મર્હૂમ ગુલામહુસૈન નૂરભાઈ મોમિન (નબી)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- નઝરઅલી ગુલામહુસૈન મોમિન (નબી) (પાડગોલ) તરફથી મર્હૂમ મોહંમદઅલી સુલેમાનભાઈ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૩૦૦/- મર્હૂમ ફતેહભાઈ અલાદભાઈ મોમિન અને મર્હૂમા ફાતેમાબાનું ફતેહભાઈ મોમિન (વલેટવા) ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા હાજીયાણી કુલસૂમબેન હાજી અબ્દુલભાઈ અસામદી (રસૂલપુર (મે.))ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૩૦/- મો.અબ્દુલ અલાઉદ્દીન અસામદી

રૂા.૫૩૦/- મો.શબ્બીરઅલી અબ્દુલ અસામદી

રૂા.૫૩૦/- મો.હસનઅલી અબ્દુલ અસામદી

રૂા.૫૩૦/- મો.હૈદરઅલી અબ્દુલ અસામદી

રૂા.૫૩૦/- મો.અબ્બાસઅલી અબ્દુલ અસામદી

રૂા.૨૫૦/- મો.આબેદા શબ્બીરઅલી અસામદી

રૂા.૨૫૦/- મો.હુસૈના હસનઅલી અસામદી

રૂા.૨૫૦/- મો.હુસૈના હૈદરઅલી અસામદી

રૂા.૨૫૦/- મો.આબેદા અબ્બાસઅલી અસામદી

રૂા.૧૨૦/- મો.ઈરફાનહુસૈન શબ્બીરઅલી અસામદી

રૂા.૧૨૦/- મો.શીરીનફાતેમા હૈદરઅલી અસામદી

રૂા.૧૨૦/- મો.મોહંમદતાહેર હસનઅલી અસામદી

રૂા.૧૧૦/- મો.સાબેરાફાતેમા હૈદરઅલી અસામદી

રૂા.૧૧૦/- મો.ઝરીનાફાતેમા શબ્બીરઅલી અસામદી

રૂા.૧૧૦/- મો.ઝૈનબફાતેમા અબ્બાસઅલી અસામદી

રૂા.૧૧૦/- મો.મુજ્તબાઅલી હસનઅલી અસામદી

રૂા.૧૧૦/- મો.સાનિયાઝહરા હૈદરઅલી અસામદી
રૂા.૧૧૦/- મો.મિદ્હતઝહરા હસનઅલી અસામદી
રૂા.૧૧૦/- મો.સિફતઝહરા હૈદરઅલી અસામદી
રૂા.૧૧૦/- મો.ઝહીનાફાતેમા અબ્બાસઅલી અસામદી
રૂા.૧૧૦/- મો.ઝકીયાફાતેમા અબ્બાસઅલી અસામદી

**મર્હૂમ મો.ઝૈનબબેન ઈબ્રાહીમભાઈ ખાણસિયા (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ઝાકિરહુસૈન ઈબ્રાહીમભાઈ ખાણસિયા (વકીલ)
રૂા.૫૦૦/- મો.શાકેરાબેન ઝાકિરહુસૈન ખાણસિયા (વકીલ)
રૂા.૧૦૦૦/- મો.સાબેરાબાનું ઈબ્રાહીમભાઈ ખાણસિયા (વકીલ)
રૂા.૧૦૦૦/- મો.ઔનઅલી ઝાકિરહુસૈન ખાણસિયા (વકીલ)
રૂા.૫૦૦/- મો.ફિઝ્ઝાફાતેમા ઝાકિરહુસૈન ખાણસિયા (વકીલ)
રૂા.૫૦૦/- મો.અલીમોહંમદ શરીફભાઈ ખાણસિયા (વકીલ)
રૂા.૫૦૦/- મો.શીરીનબાનું શબ્બીરહસન બલોસપુરા
રૂા.૫૦૦/- મો.તાહેરાબાનું ઈસ્માઈલહુસૈન ડોડીયા
રૂા.૨૦૦/- મો.અઝમતફાતેમા એહમદઅબ્બાસ વાઘ
રૂા.૨૦૦/- મો.રહમતબેન ઈસ્માઈલભાઈ મસી
રૂા.૨૦૦/- મો.ઝાહેદાબેન મોહંમદઅલી મસી
રૂા.૨૦૦/- મો.શાકેરાબાનું હસનઅબ્બાસ ડોડીયા
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન હાશિમભાઈ બલોસપુરા
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન મોહંમદઅલી મસી
રૂા.૨૦૦/- મો.ફિઝ્ઝાબેન ગુલામહુસૈન ડોડીયા
રૂા.૫૦૦/- મો.કાસિમભાઈ હબીબભાઈ રેવાસિયા
રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન ફઝલેહુસૈન રેવાસિયા
રૂા.૨૦૦/- મો.ઈમ્દાદઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૨૦૦/- મો.હસનઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૨૦૦/- મો.મંઝૂરહુસૈન ઈસ્માઈલભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.આબિદઅલી અલીમોહંમદ ખાણસિયા (વકીલ)
રૂા.૨૦૦/- મો.ઝહરાબેન આબિદઅલી ખાણસિયા (વકીલ)
રૂા.૨૦૦/- મો.આબિદહુસૈન આબિદઅલી ખાણસિયા (વકીલ)
રૂા.૨૦૦/- મો.રહમતફાતેમા આબિદહુસૈન ખાણસિયા (વકીલ)
રૂા.૧૦૦/- મો.મુર્તઝાઅલી આબિદહુસૈન ખાણસિયા (વકીલ)
રૂા.૨૦૦/- મો.રબાબફાતેમા ફૈઝમોહંમદ પટેલ

**મર્હૂમા મો.ઝૈનબબેન અલીભાઈ પટેલ (ભગત) (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.મુશ્તાકઅલી અલીભાઈ પટેલ
રૂા.૩૦૦/- મો.રાબિયાબેન મુશ્તાકઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.એહસાનઅલી મુશ્તાકઅલી પટેલ
રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી અલીભાઈ પટેલ
રૂા.૨૦૦/- મો.નજમાબેન શબ્બીરઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.મોહસિનઅલી શબ્બીરઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.રાબિયાફાતેમા મોહસિનઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.એહસાનઅલી શબ્બીરઅલી પટેલ
રૂા.૫૦૦/- મો.મહમૂદાબેન ગુલામઅબ્બાસ દાવડા (કાટવાડ)
રૂા.૧૦૦/- મો.ઝૈનબફાતેમા ફૈઝઅહમદ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.બિલ્કીસફાતેમા મહદીઅલી પટેલ
રૂા.૫૦/- મો.તસ્નીમઝહરા ફૈઝઅહમદ ખાણશીયા
રૂા.૫૦/- મો.મોહંમદહસન ફૈઝઅહમદ ખાણશીયા
રૂા.૫૦/- મો.મુશ્ફિકાઝૈનબ મહદીઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.હબીબભાઈ અમદાભાઈ દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.અબ્બાસભાઈ અમદાભાઈ દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.મીસમઅલી અમદાભાઈ દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.નૂરીબેન ગુલામહુસૈન આગલોડીયા (જેઠીપુરા)
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન ઈસ્માઈલભાઈ દાવડા (કાટવાડ)
રૂા.૨૦૦/- મો.સુગરાબેન યાકૂબઅલી કોવડીયા
રૂા.૨૦૦/- મો.રહમતફાતેમા અકબરહુસૈન દાવડા (કાટવાડ)
રૂા.૨૦૦/- મો.મેઅરાજફાતેમા મહદીહસન મતીયા (ઈલોલ પ.)
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી ગુલામઅબ્બાસ દાવડા (કાટવાડ)

**મર્હૂમ ડૉ.અબ્બાસભાઈ વલીભાઈ આગલોડીયા (પયરવ) (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ઝૈનબબેન અબ્બાસભાઈ આગલોડીયા

રૂા.૧૦૦૦/- મો.હસનઅલી વલીભાઈ આગલોડીયા

રૂા.૧૦૦૦/- મો.અસદઅલી અબ્બાસભાઈ આગલોડીયા

રૂા.૧૦૦૦/- મો.મોહસિનઅલી અબ્બાસભાઈ આગલોડીયા

રૂા.૮૦૦/- મો.મહમૂદહસન અસદઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.મોહંમદહમીદ મોહસિનઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.શહરબાનું અસદઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.હુસૈનાબેન મોહસિનઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.સાજેદાફાતેમા મોહસિનઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.શીરીનફાતેમા મોહસિનઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.અક્બરઅલી હસનઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન હસનઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.હુસૈનાબેન અક્બરઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.હૈદરઅબ્બાસ અક્બરઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.મન્સૂરઅલી હસનઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.રાશેદાબેન મન્સૂરઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.મોહંમદરઝા મન્સૂરઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.ફર્હતઝહરા મન્સૂરઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.હલીમાબેન આબિદઅલી આગલોડીયા

રૂા.૫૦૦/- મો.આબેદાબેન ઝાકિરહુસૈન હોલ્ડા

રૂા.૫૦૦/- મો.સાબેરાફાતેમા અક્બરઅલી ખાણુસીયા

રૂા.૫૦૦/- મો.ફિઝ્ઝાબેન ખાદિમહુસૈન મસી

રૂા.૫૦૦/- મો.હલીમાબેન વલીમોહંમદ હાજી

રૂા.૫૦૦/- મો.મહમૂદાબેન હસનઅલી ભટ્ટા

રૂા.૫૦૦/- મો.હમીદાફાતેમા મુખ્તારહુસૈન બાદરપુરા

રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ દાવૂદભાઈ હોલ્ડા

રૂા.૧૦૦/- મો.અલજીભાઈ ગુલામભાઈ લોઢા

રૂા.૫૦૦/- હુસૈનાબેન મંઝૂરઅલી મોમિન (દમણ-લેસ્ટર) તરફથી વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- હસનઅબ્બાસ ગુલામહૈદર મોમિન (વાપીવાળા) (લેસ્ટર) તરફથી વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- હસનઅબ્બાસ ગુલામહૈદર મોમિન (વાપીવાળા) (લેસ્ટર) તરફથી તેઓ હજ કરી પરત આવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- હસનઅબ્બાસ ગુલામહૈદર મોમિન (વાપીવાળા) (લેસ્ટર) તરફથી મર્હૂમ ફતેહભાઈ નૂરભાઈ મોમિન (વાપીવાળા), મર્હૂમ ગુલામહૈદર ફતેહભાઈ મોમિન, મર્હૂમ ગુલામનબી ફતેહભાઈ મોમિન, મર્હૂમા ઝૈનબબેન ગુલામનબી મોમિન, મર્હૂમ અબ્દેરહમાન ફતેહભાઈ મોમિન, મર્હૂમા મરયમબેન અબ્દેરહમાન મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મોહંમદહૈદર જાફરઅલી દેધરોટીયા (કનાઈ) તરફથી મોહંમદઅનીસ મકબૂલહુસૈન દેધરોટીયાની જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૩૦૦/- મો.ઝહીરઅબ્બાસ યાસીનભાઈ સોજર (પીરોજપુરા) તરફથી 'જાફરી આવાઝ' (માસિક) ને ઉત્તેજન અર્થે.

રૂા.૨૦૦/- બંદએ ખુદા

રૂા.૫૧૦૦/- મર્હૂમ મો.ગુલામહુસૈન રાજમોહંમદ બાલવા (સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે તેમના સગાસંબંધીઓ તરફથી.